Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૯ ( ચાલુ ), વીર સં. ૨૫૦૧
વિ. સં. ૨૦૩૧ માગશર

શકટ જેમ બે પૈડાથી ચાલે છે, તેમ આપણો આત્મા જ્ઞાન અને વર્તન એ બંનેના સહયોગથી જ પ્રગતિ કરી શકે છે. આત્માના નિર્મલીકરણનો પણ એજ માર્ગ છે.

× × ×

દૈવવાદી બની દીન ન થઇ ઉત્સાહથી તારી આત્મશક્તિને ફોરવા – બધા વિઘ્નોને વિદારી આશ્ચર્યભુત અભીષ્ટ સફળતા તું પ્રાપ્ત કરીશ.

× × ×

વિપત્તિ પ્રસંગે ધૈર્યની, સત્યની કસોટી છે. જેમ વિપત્તિના વખતે તેમ સ્તુતિ-નિન્દાના વખતે પણ ધીરજ, શાંન્તિ અને સમતા જાળવવામાં ખરી સાધના છે. એ પણ મોટો શુભકર તપ છે.

(સુબોધવાણી પ્રકાશન)

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

પુસ્તક : ૭૨ ] ડીસેમ્બર : ૧૯૭૪ [ અંક : ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ...નુ...ક્ર...મ...ણિ...કા


| ક્રમ | લેખ | લેખક | ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | સુવિચાર | ન્યાયવિજય | ૧૭ |
| (૨) | જીવનની પ્રયોગશાળા | અનુવાદક અભ્યાસી | ૧૮ |
| (૩) | મહાવૈયાકરણ આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરી | મૂળ લેખક : રંજનસૂરિજી<br>અનુવાદક કા. જ. દોશી રક્તતેજ | ૨૦ |
| (૪) | ભગવાન મહાવીરની કરુણામય દૃષ્ટિ | શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા | ૨૪ |
| (૫) | તીર્થક્ષેત્ર શત્રુંજય | મૂ. લે. હરિહરસિંહ<br>અનુવાદક : રક્તતેજ | ૨૬ |
| (૬) | તપ અને જપ | ઉપાધ્યાય શ્રી અમરમુનિ મહારાજ | ૨૭ |
| (૭) | સાચી ઓળખાણ | આચાર્ય શ્રી કસ્તુરસૂરિજી | ૨૯ |


## પરમાત્મા શ્રી મહાવીર ભગવાને ૨૫૦૦ વર્ષો પહેલા પ્રગટાવેલી જ્યોત યુગો સુધી રોશની આપતી રહેશે.

શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના ૨૫૦૦ વર્ષના કલ્યાણક મહોત્સવની ઉજવણી રૂપે તા. ૧૫મી નવેમ્બરે મહારાષ્ટ્ર રાજ્યના મુખ્ય મંત્રી શ્રી વંસતરાવ નાયકની અધ્યક્ષતામાં ચાલીશ હજારથી પણ વધુ જંગી માનવ મેદનીએ ઉલ્લાસ પૂર્વક મહોત્સવ ઉજવ્યો હતો. તેમાં મુખ્ય મંત્રીશ્રીએ આ આખા નિર્વાણ વર્ષમાં શિકાર પર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરી હતી. તે જય જયકારના બુલંદ અવાજે વધાવી લીધેલ હતી.

### માનવી અંતરના યુદ્ધમાં વિજયી બનો.

યુદ્ધના મેદાનમાં જે રતા દેખાડે એ વીર ખરા, પરંતુ જેઓ માનવના અંતરની અંદરના યુદ્ધમાં વિજયી બને એ ખરેખરા વીર, અને ભગવાન મહાવીરે આ માટેનો જ રસ્તો દેખાડયો હતો.

ભગવાન મહાવીરનું સંપૂર્ણ જીવન ત્યાગમય હતું. તેમના બતાવેલા અહિંસા, અનેકાન્ત અપરિગ્રહ સુખ પ્રાપ્તિ માટે દિવ્ય માર્ગ છે. તેઓએ ઉગ્રતપસ્યાના બળ ઉપર જ્ઞાન મેળવી લીધા પછી માનવને પ્રેમનો સંદેશ આપ્યો હતો.

ન્યાયમૂર્તિ શ્રી જી. એન. વૈદ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી હીરાલાલ જુઠાલાલ શાહ

### જીવનની ટૂંકી રૂપરેખા



**सेवाधर्मो परमगहनो योगीनामप्यगम्यः** યોગીઓને પણ જે ધર્મ દુર્લભ છે, એવો સેવાધર્મ જેમના અણુએઅણુમાં વ્યાપ્ત થયેલો છે, એવા શ્રી હીરાલાલ જુઠાલાલ શાહનો જન્મ ભાવનગરમાં શ્રી જુઠાલાલ ત્રિભોવનદાસ શાહને ત્યાં સં. ૧૯૫૮ના પોષ વદિ ૧ શુક્રવાર તા. ૨૪મી જાન્યુઆરી ૧૯૦૨ના દિવસે થયો હતો. શ્રી હીરાલાલભાઈએ પાંચ અંગ્રેજી સુધીનો અભ્યાસ ભાવનગરમાં કર્યો અને તે પછી મેટ્રીક સુધીનો અભ્યાસ તેમણે મુંબઈની ભરડા ન્યુ હાઈસ્કુલમાં જી એમ હોસ્ટેલમાં રહી કર્યો. શ્રી જુઠાલાલ શેઠને ચાંદી, સોનુ, અળશી વગેરેના વાયદાનો ધમધોકાર ધંધો હતો. પરંતુ પુત્ર સટ્ટાની લાઈનમાં પડે એ વાત પિતાને રૂચતી ન હતી. એટલે અભ્યાસ પૂર્ણ કરી ત્રણેક વર્ષ સુધી શ્રી હીરાલાલભાઈએ શેર બજારમાં શેઠ જુહારમલ સ્વરૂપચંદની પેઢીમાં કામ કર્યું હીરાલાલભાઈ તીવ્ર બુદ્ધિશાળી, અત્યંત ચકોર અને ભારે ચપળ છે. તેમની ગ્રહણશક્તિ ( grasping power ) ભારે સતેજ છે, એટલે શેરબજારમાં શેઠિયા લોકોનો અત્યંત પ્રેમ અને વિશ્વાસ સંપાદન કર્યો. મિલનસાર પ્રકૃતિ અને અન્યને સહાયરૂપ બનવાની ભારે તાલાવેલી, એટલે તેમનું મિત્ર મંડળ ભારે વિશાળ બની ગયું. વિમા કંપનીઓના સંચાલકોની દૃષ્ટિ આવી વ્યક્તિઓ પ્રત્યે ખેંચાયા વિના ન જ રહે, કારણ કે તેઓ હીરાલાલભાઈ જેવા કુશળ કાર્યકરોની સતત શોધમાં જ હોય છે. એટલે શેરબજારની નોકરી છોડી શ્રી હીરાલાલભાઈ આજથી ત્રીસેક વર્ષ પહેલાં ભારતની સૌથી મોટી વિમા કંપની ન્યુ ઇન્ડીયામાં જોડાઈ ગયા. ન્યુ ઈન્ડીઆ પછી તો, ઓપ્ઝે સેન્ટીનલ અને નોરવિચ યુનિયન વિમા કંપનીની એજન્સી પણ તેમના દ્વાર ખખડાવતી આવી અને આ લાઈનમાં તેઓ ઝળકી ઊઠયાં. જો કે સં. ૧૯૮૧ થી સં. ૨૦૦૪ સુધી એમણે એમના પિતાશ્રીની પેઢીનું કામ અત્યંત બાહોશી પૂર્વક સંભાળી, ધંધાને ખીલવ્યો હતો. શ્રી હીરાલાલભાઈએ વિમાના ધંધાનો ખાસ સ્વીકાર તો એટલા માટે કર્યો કે, આ માર્ગે તેઓ જૈન સમાજ અને લોકસેવાના કાર્ય પણ કરી શકે. નોકરી કે ધંધાની જવાબદારીમાં મુક્ત એટલે સમયનો મોટો ભાગ તેઓ સેવા કાર્યમાં રચ્યા પચ્યા રહેવા લાગ્યા. 'પ્રથમ સેવા પછી અંગત કામ' એમના જીવનનો મુદ્રા લેખ બની ગયો. સેવા ક્ષેત્રે એમણે જે ભોગ આપ્યો છે, તેનું વિસ્તૃત વર્ણન કરતાં તો એક મોટો ગ્રંથ પણ ટૂંકો પડે એવું છે.

આજથી ત્રીસ વર્ષ પહેલાં, શ્રી હીરાલાલભાઈના સ્તુત્ય પ્રયાસોથી મુંબઈમાં શ્રી ગોઘારી જૈન મિત્ર મંડળની સ્થાપના કરવામાં આવી એને તેઓ સંસ્થાના પ્રાણરૂપ બન્યાં. આ સંસ્થામાં દીર્ઘકાળ પર્યંત શ્રી હીરાલાલભાઈએ પ્રમુખપદ શોભાવ્યુ. વ્યવહારિક અને ધાર્મિક શિક્ષણને ઉત્તેજન મળે, એ માટે નવી નવી યોજનાઓ કરી અને શમાજમાં તે ભારે આશ્ચકારદાયક બની. સં. ૨૦૧૬ની સાલમાં આ સંસ્થાએ જ્ઞાતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાઈ-બહેનોના લાભાર્થે, પૂર્વના તીર્થોની એક સ્પેશ્યલ જાત્રા ટ્રેઈન કાઢી. આ અપૂર્વ તીર્થ સંઘને આજે પણ લોકો યાદ કરે છે. આ તીર્થસંઘની વ્યવસ્થા અને સંચાલનમાં, શ્રી હીરાલાલભાઈએ તેમની વ્યવસ્થા શક્તિ અને વિશાળ અનુભવ જ્ઞાનની પ્રતીતિ કરાવી આપી. પછી તો સંસ્થાએ મધ્યમવર્ગના કુટુંબોને લગ્ન પાછળ લખલૂટ ખર્ચ ન કરવો પડે, તે માટે સમુહલગ્નની યોજના શરૂ કરી. આ યોજના અનુસાર માત્ર સો સવાસો રૂપિયાના ખર્ચમાં, લગ્નનું કામ સરસ રીતે પતી જતું. મધ્યમ તેમજ નીચલા વર્ગના લોકો માટે, આ યોજના આશીર્વાદરૂપ બની ગઈ. નાદુરસ્ત તબિયતના કારણે, શ્રી. હીરાલાલભાઈ જ્યારે આ સંસ્થાના પ્રમુખપદેથી છૂટા થયા, ત્યારે ગયા વરસે અગાશી મુકામે સંસ્થા તરફથી તેમનું અપૂર્વ સન્માન કરવામાં આવ્યું હતું અને માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

શ્રી. હીરાલાલભાઈએ મેનેજીંગ ટ્રસ્ટી તરીકે કામ કરી, અગાશી જૈન મંદિરનું તીર્થસ્થાનમાં રૂપાંતર કર્યું છે આ તીર્થસ્થાનમાં ભાતાખાતું અને ભોજનશાળા શરૂ કરવામાં આવ્યા. પોણાચાર લાખ રૂપિયાના ખર્ચે બંધાયેલી બે અદ્યતન ધર્મશાળાઓ, એ શ્રી. હીરાલાલભાઈના ભગીરથ પુરુષાર્થનું ફળ છે. શ્રી. અગાશી જૈન દેરાસરના મેનેજીંગ ટ્રસ્ટીની સાથોસાથ, શ્રી. હીરાલાલભાઈએ દાદર જૈન જ્ઞાનમંદિરના મેનેજીંગ ટ્રસ્ટી તરીકેની જવાબદારી સ્વીકારી, ત્યાં આપણુ નૂતન શિખરબંધી ભવ્ય જિનાલય પણ ઉભું કર્યું છે. આ મંદિરનું ખાતમુહૂર્ત પણ શ્રી. હીરાલાલભાઈના વરદ હસ્તે થયું છે.

શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ-મુંબઈ અને શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ-મુંબઈના મંત્રી પદે રહી, શ્રી. હીરાલાલભાઈએ પોતાની સેવાનો ઉત્તમ ફાળો આપ્યો છે. ઓલ ઈન્ડીઆ જૈન શ્વેતાંબર કોન્ફરન્સમાં અનેક વરસોથી, કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીના તેમજ કારોબારી સમિતિના સભ્ય તરીકે તેઓ સેવા આપતા રહ્યાં છે. જૈન ઉદ્યોગ ગૃહ, જનસેવા સંઘ તેમજ બીજી અનેક સંસ્થાઓમાં, જુદા જુદા હોદ્દા પર રહી શ્રી. હીરાલાલભાઈએ પોતાની સેવા આપી છે.


શ્રી. હીરાલાલભાઈના લગ્ન સં. ૧૯૭૬ની સાલમાં ભાવનગરના વતની, શાહ ઠાકરશી મીઠાભાઈની પુત્રી પ્રસન્નબેન સાથે થયા હતા. શ્રી. પ્રસન્નબેનમાં નામ પ્રમાણે જ ગુણો છે. કાયા તો એકવડી છે, પણ એ કાયામાં અખૂટ આત્મબળ અને અપૂર્વ શક્તિ રહેલાં છે. શ્રી. પ્રસન્નબેન ધર્મનિષ્ઠ અને મહાતપસ્વી છે. માસખમણ અને દોઢ માસના ઉપવાસોની ઉગ્ર તપશ્ચર્યા, તેઓએ અખંડ શક્તિ અને શાંતિ જાળવીને કર્યા છે. શ્રી. હીરાલાલભાઈએ જીવનમાં વિધ વિધ ક્ષેત્રે જે અપૂર્વ સફળતા પ્રાપ્ત કરી છે, તેનો મહદ્ અંશે યશ તો શ્રી. પ્રસન્નબેનના ફાળે જાય છે.

શ્રી. હીરાલાલભાઈના પિતાશ્રી ૯૨ વર્ષે સં. ૨૦૨૪માં અને માતા ૮૪ વર્ષે સં. ૨૦૨૦માં સ્વર્ગવાસ પામ્યાં. માતા પિતાના દીર્ઘકાલીન જીવનમાં, તેમજ બંનેની અંતિમ માંદગીમાં શ્રી. હીરાલાલભાઈએ જે સેવા કરી છે, તે માતૃ અને પિતૃ ભક્ત શ્રવણની યાદ તાજી કરાવે છે. એ વખતમાં શ્રી હીરાલાલભાઈનો એક પગ મુંબઈમાં, તો બીજો પગ ભાવનગરમાં રહેતો. શ્રી પ્રસન્નબેને તો સતત ભાવનગરમાં રહી, કોઈ આદર્શ પુત્રી માતા પિતાની સેવા કરે, એથી પણ અધિક રીતે સાસુ-સસરાની સેવા બજાવી છે. આવી માતૃભક્તિ અને પિતૃભક્તિ માટે આ દંપતીને ખરેખર કોટિ કોટિ ધન્યવાદ ઘટે છે.

શ્રી. હીરાલાલભાઈ જેવા સેવાભાવી અને શક્તિશાળી, વ્યક્તિ આ સભા સાથે પેટ્રન તરીકે જોડાયા, તે માટે આ સભા આનંદ અને ગૌરવ અનુભવે છે શાસનદેવ તેમને દીર્ઘાયુષ આપે અને તેઓ લોકસેવાના અનેક કાર્યો કર્યા કરે, એવી શુભેચ્છા સાથે વિરમીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ : ૭૨ ] વિ. સં. ૨૦૩૧ માગશર ∴ ઈ. સ. ૧૯૭૪ ડીસેમ્બર [ અંક : ૨

નસીબ અજ્ઞેય હોઈ માણસના હાથમાં તો ઉદ્યમ જ કરવાનો રહે છે. ખોદીએ તો જમીનમાં પાણી હોય તો નીકળે, તેમ ઉદ્યમ દ્વારા, ભાગ્ય હોય તો પ્રકાશમાન થાય છે. સદ્બુદ્ધિની પવિત્ર રોશની સાથેની પ્રયત્નશીલતા માણસની વર્તમાન દુર્દશાને પણ ભેદી નાખી સુખનાં દ્વાર તેને માટે ખુલ્લાં કરી દે છે, તેમજ અશુભ કર્મોનાં ભાવી આક્રમણો ઉપર પણ ફટકો લગાવી શકે છે. મતલબ કે કર્મવાદના નામે નિર્બલ કે નિરાશ ન થતાં માણસે આત્માના બળની સર્વોપરિ મહત્તાને ધ્યાનમાં લઇ શકય તેટલા પુરુષાર્થી બનવું જોઇએ. ઉપસ્થિત કષ્ટ દૂર થતું ન હોઇ ભોગવવું પડે તેમ હોય તો કાયરતાથી ભોગવી નવાં અશુભ કર્મો ઊપાર્જવાને બદલે પ્રશસ્ય સમભાવથી ભોગવવામાં માણસની ખરી સમજદારી અને મર્દાનગી છે; અને એ વખતે મનને સ્વસ્થ રાખવાનું બળ આપનાર કર્મવાદ છે. જે સૂચવે છે કે અવશ્ય ભાવી કર્મ કોઇને છોડતું નથી, મોટામોટા પણ એના ફળવિપાકમાંથી છૂટી શકયા નથી. જાણવું જોઇએ કે તકલીફ કે કષ્ટ એની મેળે નથી આવતાં. આપણાં વાવેલાં જ ઊગે છે, માટે એમને નિવારવાના યોગ્ય ઉપાય લેતા રહીને પણ જેટલા પ્રમાણમાં ભોગવવાં પડે, શૂરા બનીને ( આધ્યાત્મિક વીરતાથી ) ભોગવીએ, ભોગવી લઇએ. એ રીતે ભોગવી લેતાં, નવાં દુઃખદ કર્મો ન બંધાવા સાથે એટલો ભાર ઓછો થાય છે. જીવનનાં વહેણ રૂડાં અર્થાત્ નિષ્પાપ વહેતાં રાખવાથી નવા અશુભ કર્મો બંધાતાં નથી, જેથી જીવનપ્રવાહ ઉત્તરોત્તર સુખી અને ઊજળો થતો જાય છે. એ ખુલ્લું છે કે અનીતિ, વિશ્વાસઘાત કે દુરાચરણથી માઠા કર્મ બંધાવાનો ( બુરું ભાગ્ય નીપજવાનો ) અને સચ્ચાઈ. સંયમ, સેવાના સદ્ગુણોના પાલનથી શુભ કર્મ બંધાવાનો ( સદ્ભાગ્ય ઘડાવાનો ) સિદ્ધાન્ત ( અર્થાત્ કર્મવાદ ) માણસને સદાચરણી બનવા પ્રેરે છે, જે લોકવ્યવસ્થા કે સમાજ–જીવન–સ્વાસ્થ્ય માટે પણ અત્યન્ત જરૂરી છે.

—ન્યાયવિજય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવનની પ્રયોગશાળા

પ્રત્યેક મનુષ્યે પોતાના જીવનને એક પ્રયોગશાળા માનવી જોઇએ. એમાં તેને અનેક પ્રકારના અનુભવ થાય છે. એ અનુભવોનો કોઈ મૌલિક સિદ્ધાંતો સમજવામાં ઉપયોગ કરવો જોઈએ. જે માણસ મનુષ્ય-જીવનના અનુભવોને તત્ત્વદર્શન માટે ઉપયોગમાં નથી લેતો તે બાલબુદ્ધિ ગણાય છે. સંસારના અનુભવ આપણને કેટલીક સ્થાયી શિખામણ આપે છે. આપણે તે અનુભવો તરફ દૃષ્ટિ ન રાખતા તે શિખામણ તરફ દૃષ્ટિ રાખવી જોઇએ. સંસારના સઘળા મનુષ્યો સુખ તથા દુઃખનો અનુભવ કરે છે. એ રીતે તેઓ આખું જીવન કોઇપણ જાતની શિખામણ મેળવ્યા વગરજ વીતાવી દે છે, અર્થાત્ એ મૃત્યુ પર્યંત બાળક જેવી સ્થિતિમાં જ રહે છે. કેટલાય મનુષ્યોને ત્યારે જ જીવનના અનુભવોનું સત્ય સમજાય છે કે જ્યારે તેઓના જીવનનો સારભાગ નીકળી જાય છે અને તેઓ તેનો કંઇપણ ઉપયોગ નથી કરતા. જેવી રીતે જર્મનીના સુવિખ્યાત તત્ત્વવેત્તા શોધનહીરે બતાવ્યું છે કે મનુષ્યનો અનુભવ જ્યાંસુધી જ્ઞાનના રૂપમાં પરિણત થાય છે ત્યાંસુધી જીવનનો સારભાગ નીકળી જાય છે. (When experience repens to wisdom, the rind of life is gone.) તેથી જે વ્યક્તિ વૃદ્ધાવસ્થા આવ્યા પહેલાં જ જ્ઞાનોન્મુખ થઈ જાય છે તે જ ધન્ય છે.

જ્યારે મનુષ્ય પોતાના કોઈ પ્રકારના અનુભવોથી કોઈ સિદ્ધાંત પર પહોંચી જાય છે ત્યારે સંસારના લાભની ખાતર સૌની સમક્ષ તે રાખવો જોઇએ. જે મનુષ્યની એવી બુદ્ધિ હોય છે કે મારાં દુઃખોથી બીજાને લાભ થાય તે દુઃખમાં રહીને પણ કદાપિ ઉદ્વિગ્ન થતો નથી. વાસ્તવિક રીતે જીવનનું પ્રથમ અને મૌલિક સત્ય એ છે કે જો કોઈ પણ વ્યક્તિ પોતાના જ સુખની ચિંતા કરે છે તો તે કદિ પણ સુખી રહી શકતો નથી. એક અંગ્રેજ લેખકે કહ્યું છે તેમ સાચું સુખ બીજાને સુખી બનાવવાથી જ પ્રાપ્ત કરી શકાય છે. મનુષ્યે પોતાની જીવનની ઘટનાઓ તરફ હંમેશાં સાક્ષીભાવ રાખવો જોઇએ ઘટનાઓનો કોઇ ચોક્કસ પ્રકાર ઘટિત કરવાનું મનુષ્યના હાથમાં નથી અને જે મનુષ્ય બાહ્ય ઘટનાઓ પર પોતાનાં સુખને નિર્ભર કરી દે છે તે હંમેશાં દુઃખી જ રહે છે. એ ઘટનાઓ પ્રત્યે પોતાનો કેવો ભાવ રાખવો એટલું જ મનુષ્યના હાથમાં છે. પોતાની રૂખ પ્રમાણે જ મનુષ્ય કોઈ ઘટનાથી માનસિક કલેશ અથવા પ્રસન્નતા પ્રાપ્ત કરે છે અને જે મનુષ્ય ઘટનાઓ પ્રત્યે સંપૂર્ણ સાક્ષીભાવ રાખે છે તે સઘળી જાતની ઘટનાઓમાં શાંતચિત્ત રહે છે.

કેટલાય લોકો અંધ બનીને ધનની પાછળ પડી જાય છે અને કેટલાય લોકો પદ-લોલુપતામાં પોતાની જાતને ગુમાવે છે. જ્યારે મનુષ્ય કોઇ પ્રકારના વ્યવસાયમાં લાગી છે ત્યારે તેનામાં આત્મનિરીક્ષણની શક્તિ નથી રહેતી. એ રીતે તે અનેક માનસિક કષ્ટ ભોગવ્યા કરે છે અને તેનાથી મુક્ત થવા અસમર્થ રહે છે. આવા મનુષ્યો પોતાના માનસિક કલેશોનું કારણ પોતાની અંદર શોધવાને બદલે બાહ્ય જગતમાં શોધે છે. તે પોતાના દોષો શોધી કાઢીને તેનું નિવારણ કરવાને બદલે બીજામાં દોષો શોધે છે, પોતાના માનસિક દુઃખો માટે બીજાને જવાબદાર બનાવે છે; પરંતુ તે રીતે તેના દુઃખોનો નાશ ન થતાં દિવસાનુદિવસ તેની વૃદ્ધિ થાય છે. આધુનિક મનોવિજ્ઞાને મનુષ્યોની આ જાતની મનોવૃત્તિનો સારી રીતે અભ્યાસ કર્યો છે. એ પ્રવૃત્તિને આરોપ (Introjection)ની પ્રવૃત્તિ કહેવામાં આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્યારે આપણું મન વધારે વિક્ષિપ્ત હોય ત્યારે આપણે બાહ્ય જગતની ચિંતા તજી દેવી જોઈએ અને પોતાની ઉપર જ વિચાર કરવો જોઈએ. સંસારની કોઇપણ પરિસ્થિતિ સ્થાયી નથી 'એ પણ નહિ રહે' એ વિચારનો અભ્યાસ કરવો યોગ્ય છે. પ્રત્યેક પરિસ્થિતિ પરિવર્તનશીલ છે તો પછી ઉદ્વિગ્ન બનવું કે રહેવું એ મૂર્ખતા છે. માણસ ઉદ્વિગ્નતાથી પોતાની જાતને નુકશાન જ કરે છે, તેનાથી તેને કશો લાભ થતો નથી.

હમણાંની જ વાત છે કે કોઈ લેખકનું મન કોઈ પ્રકારની ઘટનાઓથી ક્ષુબ્ધ થઈ ગયું અને એ સ્થિતિ કેટલોક સમય રહી. એ સ્થિતિમાં તેને ન નિદ્રા સારી આવતી, ન સ્વપ્ના સારા આવતા. એ દિવસોમાં પોતાના એક બૌદ્ધ ભિક્ષુક મિત્રને મળવાનો સુયોગ થયો. તેની સાથે બૌદ્ધધર્મની પ્રશંસિત મૈત્રી ભાવના ઉપર વાતચીત થઈ. તેણે વાતવાતમાં કહ્યું કે પોતાના એક પરિચિત માણસને સૂતા પછી ઘણા જ ખરાબ સ્વપ્ન આવ્યા કરતા હતા. તે માણસ એ સ્વપ્નોથી એટલો બધો તંગ થઇ ગયો કે તે સૂવાથી જ ડરવા લાગ્યો એ મહાશયને મૈત્રી ભાવનાનો અભ્યાસ કરવાનું કહેવામાં આવ્યું. એ અભ્યાસ કરતાવેંત તેનાં સઘળા ખરાબ સ્વપ્નો નષ્ટ થઈ ગયા અને તેને સુખે નિદ્રા આવવા લાગી.

પેલા લેખકને જે વખતે ઉપર્યુક્ત બધી વાત કહેવામાં આવી ત્યારે તેનું ચિત્ત શાંત થઇ ગયું. મૈત્રી ભાવનાનો એક વિશેષ ગુણ એ છે કે જ્યાંસુધી મનુષ્ય એ ભાવનાથી ભાવિત રહે છે ત્યાંસુધી કોઇ પણ મનુષ્ય તેને કોઈ જાતની હાનિ પહોંચાડી શકતો નથી. સૌ માણસો તેના હિત-ચિંતક બની જાય છે અને જેઓ હાનિ પહોંચાડવા ઇચ્છે છે તેઓને હાનિ પહોંચાડવાની તક જ નથી મળતી. જે વખતે આ જાતનો વિચાર મનમાં આવે છે ત્યારે નિર્ભીક્તાનો અનુભવ થાય છે. વિચારોમાં તે વખતે એક વિશેષ પરિવર્તન થઈ જાય છે અને પરિસ્થિતિઓ તરફ રૂખ જ બદલાઇ જાય છે.

જ્યારે મનુષ્ય એવો દૃઢ નિશ્ચય કરી લે છે કે, સંસારમાં પોતાની જાત સિવાય કોઈ તેનું બગાડી શકતું જ નથી; ત્યારે તેનું આખું જીવન આનંદ-મય થઈ જાય છે અને સાચી વાત પણ એજ છે. જે વખતે આપણામાં કોઇ દોષ આવી જાય છે તે વખતે એ દોષનાં પરિણામોથી આપણને કોઈ બચાવી નથી શકતું; અને આપણામાં સદ્ગુણ હશે તો આપણી કિંમત એક સ્થળે નહિ તો બીજે સ્થળે જરૂર થશે. ક્યાંય ને ક્યાંય આપણી મૌલિકતા જરૂર જણાશે જ. માણસોએ દુઃખોથી ભાગવું ન જો , તેનો ભોગ કરવો જોઇએ. કઠિન પરિસ્થિતિથી ભાગવું એ ઉચિત નથી, તેને ભોગવવી એજ ઉચિત છે. કઠિન પરિસ્થિતિઓ પાછળથી સરળ થઈ જાય છે. દુઃખ આપનારી ઘટનાઓ પાછળથી સુખનું કારણ બની જાય છે. જે મનુષ્યે પોતાનાં જીવનનું લક્ષ્ય પરોપકાર જ બનાવ્યું હોય છે તેને કોઇપણ પરિસ્થિતિ લક્ષ્ય-ભ્રષ્ટ કરી શકતી નથી. જો તેને કઠિન પરિસ્થિતિ સાથે લડવું પડે છે તો તેનાથી સંસારનું કલ્યાણ જ થાય છે. પરિસ્થિતિઓ ઉપર તેનો વિજય થયેલો જોઇને બીજા લોકોને પોતાની સામે આવનારી પરિસ્થિતિ સાથે લડવામાં પ્રોત્સાહન મળે છે. એ રીતે મહાપુરુષોનું જીવન બીજાને માટે શિક્ષાનું સાધન થઇ પડે છે. જીવનને એક પ્રયોગશાળા માનવી જોઇએ. એના બાહ્ય લાભ કે હાનિમાં મનને ન ફસાવતાં તેનાથી જ્ઞાન મેળવવું જોઇએ અને એ જ્ઞાનનું સંસારનાં લોકોમાં વિતરણ કરવું જોઇએ. એ રીતે આપણે સુખી રહી શકીએ છીએ. **इत्यलम्.**

અનુવાદ: અભ્યાસી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવૈયાકરણ આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરી

મૂળ લેખક : શ્રી રંજનસૂરિદેવ અનુવાદક : કા. જ. દોશી 'રક્તતેજ'

સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ સાહિત્યના મુખ્ય પ્રણેતા કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચન્દ્રનો જન્મ ગુજરાતના પાટનગર અમદાવાદથી ૬૦ માઈલ દક્ષિણ–પશ્ચિમ ખૂણામાં આવેલ ધંધુકા શહેરમાં વિક્રમ સંવત ૧૧૪૫ માં કાર્તિક પૂર્ણિમાની રાત્રીએ થયો હતો. ધંધુકા શહેરને સંસ્કૃત ગ્રંથોમાં 'ધુધુક્કનગર' અથવા 'ધુંધુકપુર' કહેવામાં આવ્યું છે. મોઢ જ્ઞાતિમાં જન્મેલ હેમચન્દ્રના પિતાનું નામ ચાચિગ હતુ અને તેમની માતાનું નામ પાહિણીદેવી હતું. હેમચન્દ્રનું બાળપણનું નામ ચાંગદેવ હતું.

વિક્રમ સંવત્ ૧૧૫૪ માં આચાર્યશ્રી દેવચન્દ્રસૂરીને હસ્તે હેમચન્દ્રને દિક્ષા આપવામાં આવી અને તેમનું નામ સોમચન્દ્ર રાખવામાં આવ્યું. આચાર્યશ્રી હેમચન્દ્રસૂરીનો વિશેષ પરિચય 'પ્રબન્ધચિન્તામણિ'માં વર્ણવેલ છે કહેવાય છે કે હેમચન્દ્ર એકવીશ વર્ષની ઉંમરે તો સમસ્ત શાસ્ત્રોનું અવગાહન કરી લીધું હતું. તેમનું જ્ઞાન અને ચરિત્ર અપૂર્વ કોટિનાં હતાં તેમની આચાર્યના છત્રીશ ગુણો આત્મસાત્ હતા.

નાગપુરના ધનદ નામના વેપારીએ વિક્રમ સંવત્ ૧૧૬૬ માં સૂરિપદ આપવાના મહોત્સવનું આયોજન કર્યું હતું. સોમચન્દ્રનું હેમ (સોના) જેવું તેજ અને ચન્દ્ર જેવી આહ્લાદકતા જોઈને તેમનું નામ હેમચન્દ્રાચાર્ય રાખવામાં આવ્યું. તેમની વિદ્વત્તા, તેજ, પ્રભાવ અને બીજા અનેક ગુણોને કારણ તેઓ સ્વાભાવિક રીતે જ અનેક દર્શકોને આકર્ષતા હતા.

હેમચન્દ્રાચાર્યની રચના સંખ્યા ત્રણ કરોડ બતાવવામાં આવી છે. તેમના કેટલાક મુખ્ય ગ્રન્થો નીચે મુજબ છે:—

ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત (પુરાણ), કુમારપાલચરિત (કાવ્ય), હેમશબ્દાનુશાસન (વ્યાકરણ), અભિધાન ચિન્તામણિ, અનેકાર્થ સંગ્રહ, નિઘણ્ટુ અને દેશી નામ માલા (આ ચારે કોષ ગ્રન્થો), કાવ્યાનુ શાસન (અલંકાર) છન્દોડનું શાસન (છન્દ), પ્રમાણમીમાંસા (ન્યાય), અને યોગ શાસ્ત્ર (યોગ).

'પ્રભાવકચરિત'માંથી જાણી શકાય છે કે હેમચન્દ્રાચાર્ય બ્રાહ્મી દેવી (જે વિદ્યાની અધિષ્ઠાત્રી મનાય છે)ની સાધના માટે કાશ્મીરની યાત્રા કરી હતી. તેઓ આ સાધના વડે પોતાના બધા હરીફોને પરાજિત કરવા ઇચ્છિતા હતા. માર્ગમાં જ્યારે તામ્રલિપ્ત થઇને તેઓ રૈવન્તગિરિ પહોંચ્યા ત્યારે નેમિનાથ સ્વામીની આ પુણ્ય ભૂમિમાં તેઓએ યોગ વિદ્યાની સાધના શરૂ કરી હતી. આ સાધનાને વખતે જ સરસ્વતી દેવી તેમની સન્મુખ પ્રગટ થયાં અને કહેવા લાગ્યાં, "હે વત્સ, તારી બધી મનઃ કામનાઓ પૂર્ણ થશે. બધા વાદિઓને પરાસ્ત કરવાની તને શક્તિ પ્રાપ્ત થશે." આ વિદ્યાદેવીની વાણી સાંભળીને હેમચન્દ્રાચાર્ય ખૂબ પ્રસન્ન થયા અને પોતાની આગળની યાત્રા સ્થગિત કરી પાછા ફર્યા.

ઉપરની ઘટના અસમ્ભવિત જણાતી નથી. તેનુ સમર્થન 'અભિધાન ચિન્તામણિ'માં પણ મળે છે. ભારતના કેટલાયે મનીષી વિદ્વાનોએ મન્ત્રોની સાધના દ્વારા જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. આપણે નૈષધકાર શ્રી હર્ષ તથા મેઘદૂતકાર કાલિદાસની બાબતમાં પણ એવી વાતો સાંભળીએ છીએ.

હેમચન્દ્રાચાર્ય મહેશ્વર નૃપાગ્રણી ચાલુક્ય કુમારપાળના ગુરુ હતા. વિક્રમ સંવત ૧૨૨૯માં કુમારપાળનું મૃત્યું થયું અને ત્યાર બાદ છ મહિને હેમચન્દ્રાચાર્ય પણ કાળધર્મ પામ્યા.

ગુજરાત નરેશ સિદ્ધરાજ જયસિંહ (વિ. સં. ૧૧૫૦ થી ૧૧૯૯)ના મૃત્યુ પછી હેમચન્દ્રાચાર્યની ભવિષ્ય વાણી અનુસાર કુમારપાળ (વિ. સં. ૧૧૯૯) ગાદીએ આવ્યા. હેમચન્દ્રાચાર્યે સિદ્ધરાજ જયસિંહની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમરતા માટે પોતાના પ્રસિદ્ધ વ્યાકરણનું નામ 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' રાખ્યું અને કુમારપાળના સૂચનથી 'ત્રિષષ્ટિશલાકા પુરુષ' લખ્યું. કુમારપાળની જૈન ધર્મ પર અપૂર્વ શ્રદ્ધા હતી. યશપાલ દ્વારા રચિત 'મોહરાજ પરાજય' નામના નાટકમાં કુમારપાળના સાત્ત્વિક આધ્યાત્મિક જીવનની પૂરી ઝાંખી મળે છે.

આચાર્ય હેમચન્દ્ર સંસ્કૃતના અંતિમ મહાવ્યાકરણકાર હતા. તેઓએ પોતાના શબ્દાનુશાસન દ્વારા સંસ્કૃત ભાષાનું વિશ્લેષણ પૂર્ણરૂપે કર્યું અને હૈમ સંપ્રદાયનો પાયો નાખ્યો. પાણિનિ-કૃત અષ્ટાધ્યાયી પ્રમાણે તેમણે પણ પોતાના વ્યાકરણને આઠ અધ્યાયમાં અને દરેક અધ્યાયને ચાર ભાગમાં વિભકત કર્યું છે. પરંતુ એક વિશેષતા એ છે કે તેમણે સંસ્કૃતનું સંપૂર્ણ વ્યાકરણ સાત અધ્યાયમાં સમાવીને આઠમા અધ્યાયમાં પ્રાકૃત વ્યાકરણનું નિરૂપણ એવી સર્વાંગપૂર્ણ રીતે કર્યું છે કે તે આજ સુધી અપૂર્વ અને અદ્વિતીય ગણાય છે. ખરેખર તેઓ પ્રાકૃતના પાણિનિ હતા.

આચાર્ય હેમચન્દ્રે પોતાના "**अथ प्राकृतम्**" એ સૂત્રમાં પ્રાકૃત શબ્દની મૂલ પ્રકૃતિ શબ્દનો અર્થ સંસ્કૃત કર્યો છે, અને બતાવ્યું છે કે સંસ્કૃત પ્રાકૃતિમાંથી આવેલ શબ્દોનું નામ પ્રાકૃત છે. તેનો અર્થ એવો નથી કે સંસ્કૃત પ્રાકૃતનું ઉત્પત્તિ કારણ છે. એનું તાત્પર્ય એ છે કે પ્રાકૃત ભાષા માટે સંસ્કૃતના શબ્દોને આધાર બનાવીને, તેની સાથે પ્રાકૃત શબ્દોની ઉચ્ચારણની બાબતમાં જે સમાનતા કે તફાવત છે, તે દર્શાવવું, અને સંસ્કૃત ભાષા દ્વારા પ્રાકૃત ભાષા શીખવાનો પ્રયત્ન કરવો તે છે આ આશયથી આચાર્ય હેમચન્દ્રસૂરી એ સંસ્કૃતને 'પ્રાકૃતનું મૂળ' કહ્યુ છે.

હેમચન્દ્રાચાર્ય પોતાના ઉપર જણાવેલ '**अथ प्राकृतम्**'' એ સૂત્રમાં તત્સમ અને દશ્ય એમ બે પ્રકારના શબ્દો બતાવ્યા છે. દશ્ય શબ્દ અનુશાસનની બહારના છે. સાથે સાથે પ્રાકૃત વર્ણમાલાનું સ્વરૂપ બતાવતા તેઓએ કહ્યું છે કે પ્રાકૃતમાં **ऋ, ॠ, ऌ, ऐ, औङ् ञ् , श, ष,** વિસર્ગ અને પ્લુત વર્ણ ઘણુંખરું હોતા નથી. હેમચન્દ્રાચાર્યે પ્રાકૃત અને આર્ષ પ્રાકૃત એમ બે ભેદ બતાવ્યા છે. અધિક પ્રાચીન પ્રાકૃત તેમણે આર્ષ પ્રાકૃત કહ્યું છે, અને સમસ્ત વ્યાકરણમાં '**आर्षम्**' સૂત્રનો અધિકાર નિર્દિષ્ટ કર્યો છે, તથા જૈન આગમોમાંથી ઉદાહરણ પણ આપ્યા છે.

હેમચન્દ્રાચાર્યે પ્રાકૃતપ્રકાશકાર વરરુચિની અપેક્ષાએ વધારે શબ્દોનું અનુશાસન કરેલ છે. વર્ણલોપ, વર્ણાગમ, વર્ણવિકાર, વર્ણાદેશ વગેરે ભાષા વૈજ્ઞાનિક તત્ત્વો તથા વિભિન્ન ભાષિક સ્થિતિઓનું સાંગોપાંગ અનુશાસન પ્રદર્શિત કરેલ છે. કહેવાની જરૂર નથી કે હેમચન્દ્રાચાર્ય વ્યાકરણની વિવેચનાના ક્રમમાં બધા પ્રાકૃત વ્યાકરણકારોમાં અગ્રસ્થાને બિરાજે છે.

આચાર્ય હેમચન્દ્રે પોતાના અનેક પ્રાકૃત સૂત્રોના માધ્યમથી ભાષાની નવી પ્રવૃત્તિ તરફ સંકેત કર્યો છે. કારણ કે તેમના સમયમાં ઉચ્ચારણ-સરળતા વધતી જતી હતી, અને ભાષા નવી દિશાએ જઈ રહી હતી. સંસ્કૃતનો '**क्षण**' શબ્દના બે અર્થ છે : ઉત્સવ અને સમય. હેમચન્દ્રે આ ભ્રમણા દૂર કરવા માટે ઉત્સવ અર્થમાં '**छणो**' અને સમય અર્થમાં '**खणो**'નો નિર્દેશ કર્યો છે. સ્પષ્ટ છે કે હેમચન્દ્રાચાર્યનું આ અનુશાસન તેમને સંસ્કૃત અને પ્રાકૃત એ બન્ને ભાષાઓના વ્યાકરણકારોમાં મહત્ત્વપૂર્ણ સ્થાન આપે છે.

હેમચન્દ્રનું અવ્યય પ્રકરણ વરરુચિની અપેક્ષાએ ઘણું વિસ્તૃત અને મહત્ત્વપૂર્ણ છે. '**प्राकृत-प्रकाश**'-માં થોડાક જ અવ્યયોની ચર્ચા છે, જ્યારે હેમચન્દ્રે અવ્યયોની પૂરી યાદી આપેલ છે. '**प्राकृत-प्रकाश**'-માં ચતુર્થીની સ્થાને કેવળ પષ્ઠીનો નિર્દેશમાત્ર કર્યો છે, અન્યાન્ય વિભક્તિઓની ચર્ચા કરવામાં આવી નથી. પરંતુ હેમચન્દ્રે કારકવ્યવસ્થા પર વિશેષ પ્રકાશ પાડ્યો છે. પ્રાકૃતના ભેદોની વિવેચનાની દૃષ્ટિએ હેમચન્દ્રના પ્રાકૃત વ્યાકરણનો ચોથો પાદ અધિક મહત્ત્વપૂર્ણ છે. તેમાં શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકા-પૈશાચી, અને અપભ્રંશનું અનુશાસન લખેલ છે. હેમચન્દ્રે મહારાષ્ટ્રી (પ્રાકૃત) પર અધિક વિવેચન કર્યું છે. કહેવાનું તાત્પર્ય એ છે કે હેમચન્દ્રે એક પ્રાકૃત-વ્યાકરણકારની હેસીયતથી પોતાના સમયની બધી પ્રાકૃત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાષાઓ અને બોલીઓનું સર્વાંગપૂર્ણ અનુશાસન પ્રસ્તુત કરેલ છે.

હેમચન્દ્રે પ્રાકૃત વ્યાકરણના બીજા પાદમાં ભાષા-વિજ્ઞાનના અનેક તત્ત્વો અને સિદ્ધાન્તોને આત્મસાત્ કર્યાં છે. આ પ્રકરણમાં એમણે ઉચ્ચારણના એ સિદ્ધાન્તોનું સૂચન કરેલ છે કે જેને કારણે બાર ગાઉએ બોલી બદલાય છે. દરેક વ્યક્તિ પોતાની શારીરિક સમ્પત્તિ અથવા ઉચ્ચારણના અવયવોની વિભિન્નતાને કારણે ઉચ્ચારણમાં પોતાની વિશેષતા ધરાવે છે, જેમાં વર્ણ–વ્યત્યયનો પ્રયોગ સ્વાભાવિક જણાય છે. હેમચન્દ્રે વર્ણ–વ્યત્યયના સિદ્ધાન્તોની ઘણી વ્યાજબી રીતે ચર્ચા અને વર્ણન કરેલ છે.

હેમ–વ્યાકરણમાં આપણને ધ્વનિ–પરિવર્તનની સઘળી દિશાઓ પ્રાપ્ત થાય છે આચાર્ય હેમચન્દ્રે પ્રાકૃતના ધ્વનિ–વિકારોનું વિવેચન ઘણી સ્પષ્ટતાથી કરેલ છે. હેમચન્દ્રના શબ્દ-વિજ્ઞાન, પ્રકૃતિ–પ્રત્યયવિજ્ઞાન, વાકયવિજ્ઞાન વગેરે ભાષા વૈજ્ઞાનિક તત્ત્વો તથા ધ્વનિ પરિવર્તન વિષયક દિશાઓના અધ્યયનથી આધુનિક ભાષા વૈજ્ઞાનિકોને પૂરતી સહાયતા મળે છે.

ટૂંકમાં એક શબ્દાનુશાસકની દૃષ્ટિએ હેમચન્દ્રનું મહત્ત્વ પાણિનિ તેમજ વરરુચિ કરતા વધારે છે. તેમના પ્રાકૃત વ્યાકરણમાં પ્રાચીન અને અર્વાચીન બન્ને પ્રકારના ધ્વનિઓની સમ્યગ્ વિવેચના કરવામાં આવેલ છે. તેથી હેમચન્દ્રનું પ્રાકૃત શબ્દાનુશાસન વ્યાકરણ હોવાની સાથે ભાષા વિજ્ઞાન પણ છે. તેથી હેમચન્દ્રનો પ્રભાવ ઉત્તર કાલીન બધા પ્રાકૃત વ્યાકરણો ઉપર પડયો છે.

જો ઐતિહાસિક રીતે વિચાર કરીએ તો ૧૧મી અને ૧૨મી સદીનો સમય ઘણો મહત્ત્વનો છે. આ સદીઓમાં મોટા મોટા આચાર્યોએ અનેક પ્રકારના વિદ્વતાપૂર્ણ ગ્રન્થો લખ્યા છે. આ સમયમાં રચાયેલ હેમચન્દ્રનું વ્યાકરણ અપૂર્વ છે અને કેવળ પ્રાકૃત જ નહિ, પણ સંસ્કૃતનું પણ જ્ઞાન કરાવવામાં તે અદ્વિતીય છે.'

કહેવાની જરૂર નથી કે આચાર્ય હેમચન્દ્રનું પ્રાકૃત વ્યાકરણ અનેક વ્યાકરણ ગ્રન્થોના આધારભૂત છે. શ્વેતામ્બર સમ્પ્રદાયમાં આ વ્યાકરણના પઠન–પાઠનની પરંપરા રહી છે. કુલ મળીને, હેમચન્દ્રાચાર્ય પોતાની વિશિષ્ટ પ્રતિભા દ્વારા પ્રાકૃત વ્યાકરણના ક્ષેત્રમાં વિલક્ષણ ચમત્કાર ઉત્પન્ન કર્યો છે.

આચાર્ય હેમચન્દ્ર અત્યંત કુશાગ્ર બુદ્ધિ વાળા તો હતા જ. ધાર્મિક ઉદારતા પણ એમનામાં પર્યાપ્ત હતી. કહેવાય છે કે એકવાર રાજા કુમારપાળ સમક્ષ એક દ્વેષીએ કહ્યું, 'જૈનો પ્રત્યક્ષ દેવ સૂર્યને માનતા નથી" હેમચન્દ્ર શ્લોક બોલીને કહ્યું કે 'વાહ કેમ ન માને.

**अधाम धामधामैव वयमेव हृदि स्थितम् ।**
**यस्यास्तव्यसने प्राप्ते त्यजामो भोजनोदकम् ॥**

અર્થાત્ અમે તો પ્રકાશના ધામરૂપ શ્રી સૂર્ય નારાયણને અમારા હૃદયમાં રાખીએ છીએ, કે જેના અસ્ત રૂપી દુઃખ પ્રાપ્ત થવાથી અમે અન્ન અને જળનો ત્યાગ કરીએ છીએ આચાર્યના આ જવાબ સાંભળીને તેમના પ્રતિસ્પર્ધીનું મુખ બંધ થઈ ગયું.

એકવાર દેવપત્તનના પૂજારીઓએ આવીને રાજાને નિવેદન કર્યું કે 'સોમનાથનું મંદિર ઘણુ જીર્ણશીર્ણ થઈ ગયું છે, તેનું સમારકામ કરવું જોઈએ! તેમની વિનંતી સાંભળતાંજ રાજાએ મંદિરના જીર્ણોદ્ધારના કાર્યનો આરમ્ભ કરવાનો આદેશ દેતા હેમચન્દ્રને પૂછયું કે "આ ધર્મભવનના નિર્માણ માટે શું કરવું?" હેમચન્દ્રે કહ્યું, "આપે કાંતો બ્રહ્મચર્યનું પાલન કરતા કરતા વિશેષ દેવપૂજા કરવી જોઇએ અથવા તો મંદિરના ધ્વજારોપણના સમય સુધી મદ્યમાંસનો ત્યાગ કરવાનું વ્રત લેવું જોઈએ. રાજાએ સૂરીશ્વર આચાર્ય હેમચન્દ્રના વિચાર પ્રમાણે ઉપરોક્ત વ્રત ગ્રહણ કર્યું.

કુમારપાળે જ્યારે સોમેશ્વરની યાત્રા કરી ત્યારે હેમ-ચન્દ્રને પણ આ યાત્રામાં સાથે આવવાનું આમંત્રણ આપ્યું. હેમચન્દ્ર તુરત જ આમન્ત્રણનો સ્વીકાર કરી જવાબ આપ્યો કે ભૂખ્યાને નિમન્ત્રણનો આગ્રહ શું? અમે તપસ્વીઓને તો તીર્થાટન એજ મુખ્ય ધર્મ છે. તે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પછી રાજાએ તેમને સુખાસન, વાહન વગેરેનો સ્વીકાર કરવા કહ્યું, પરંતુ હેમચન્દ્રે પોતાની પગપાળા યાત્રા કરવાની ઈચ્છા પ્રગટ કરી.

રાજાએ ઘણા ભક્તિ-ભાવથી સોમેશ્વરલિંગની પૂજા કરી અને હેમચન્દ્રને કહ્યું કે "જો આપને હરકત ન હોય તો આપ પણ ત્રિભુવનેશ્વર શ્રી સોમેશ્વર દેવનું અર્ચન કરો. હેમચન્દ્રે પોતાની અમૂર્તિપૂજનના ધર્મ-જ્ઞાનના આગ્રહનું પ્રદર્શન નહિ કરીને સોમેશ્વરનું અર્ચન કર્યું અને પોતે બનાવેલા શ્લોકો દ્વારા તેમની સ્તુતિ કરી. કહેવાય છે કે હેમચન્દ્રે અહીં રાજાને સાક્ષાત્ મહાદેવનું દર્શન કરાવ્યું, જેથી રાજાએ કહ્યુ, 'હેમચન્દ્ર બધા દેવોના અવતાર છે અને ત્રિકાળજ્ઞાની છે. તેમનો ઉપદેશ મોક્ષમાર્ગ આપનાર છે.

કુમારપાળે જીવહિંસાનો સર્વત્ર નિષેધ કરાવ્યો. રાજાની કુળદેવી કણ્ટેશ્વરીના મંદિરમાં આસો મહિનાની નવરાત્રીમાં પશુબલિ આપવામાં આવતો હતો. હેમચન્દ્રાચાર્યની સૂચના અનુસાર રાજાએ દેવીના મંદિરમાં પશુ મોકલી તાળુ લગાવી દીધું અને ચોકી પહેરો ગોઠવી દીધો. સવારે રાજાએ પોતે જઇને તાળુ ખોલાવ્યું. ત્યાં બધા પશુઓ આનંદથી સુતા હતા. રાજાએ ઉપાસકોને કહ્યું, "જુઓ, આ પશુઓ મેં દેવીને ભેટ ધર્યા હતા. જો તેમને એ પશુઓની ઇચ્છા હોત તો તે તેમને ખાઈ જાત. પરંતુ એમણે એક પણ પશુને ખાધું નથી. તેથી એ સ્પષ્ટ થાય છે કે તેમને માંસ ખાવું સારૂં લાગતું નથી. એમ કહીને રાજાએ બધા પશુઓને છોડાવી મૂકયા. વિજયાદશમીની રાત્રીએ રાજાને કણ્ટેશ્વરીદેવી સ્વપ્નમાં દેખાયા, અને શ્રાપ આપ્યો, જેથી તે કોઢી બની ગયા. જ્યારે હેમચન્દ્રને આ સંકટની ખબર પડી, ત્યારે તેમણે જળ મન્ત્રીને આપ્યું, જેનાથી રાજાને દિવ્ય રૂપ પ્રાપ્ત થયું.

કહેવાય છે કે કાશીથી વિશ્વેશ્વર નામના કવિ પાટણ આવ્યા અને ત્યાં હેમચન્દ્રની વિદ્વત્ સમિતિમાં ભળી ગયા. એમણે કહ્યું, "**पातु वो हेमगोपालः कम्बलं दण्डमुद्वहन्** ।" એટલે કે દણ્ડ અને કમ્બલધારી હેમગોવાળ તમારી રક્ષા કરો. એટલું કહીને તે ચુપ થઈ ગયો. કુમારપાળ પણ ત્યાં હાજર હતા. આ વાકયને ગુરુની નિન્દા કરનારૂ સમજીને તે ગુસ્સે થઇ ગયા. પરંતુ વિશ્વેશ્વર કવિને તો હાજર રહેલા લોકોના હૃદય અને બુદ્ધિની પરીક્ષા કરવી હતી. તેમણે ગરમ વાતાવરણ જોઈને બાકીનો અર્ધો શ્લોક કહ્યો, '**षड्दर्शनपशुग्रामं चारयन् जैनगोचरे** ।" એટલે કે તે ગોવાળ કે જે છ દર્શનરૂપી પશુઓને જૈન ગોચરભૂમિમાં હાંકી રહ્યો છે, શ્લોકના આ ઉત્તરાર્ધથી તે કવિએ સમસ્ત સભ્યોને અનુકૂળ કહી દીધા. આ રીતે હેમચન્દ્રની મહત્તાની બાબતમાં અનેક રોચક વાતો ઉપલબ્ધ છે.

ઉપર્યુકત વાતોથી જણાય છે કે આચાર્ય હેમચન્દ્ર માત્ર વ્યાકરણનાં જ નહિ, પણ સમસ્ત વાઙ્મયના પ્રતિભા સંપન્ન ભાસ્વર નક્ષત્ર હતા. વ્યાકરણના પ્રવાહને નવીન સ્ફૂર્તિ આપવાનો જશ અવશ્ય આચાર્ય હેમચન્દ્રને જ મળશે. વ્યાકરણના ઇતિહાસમાં ગૌરવાસ્પદ નામ તો આચાર્ય હેમચન્દ્રનું છે જ. દર્શન અને વ્યાકરણને કાવ્યાત્મક સંસ્કાર આપનાર પણ તેઓશ્રી જ છે. એમનું પ્રસિદ્ધ દ્વયાશ્રય કાવ્ય (કુમારપાળ ચરિત)માં જ્યાં વ્યાકરણના નિયમ-જ્ઞાનનું પાંડિત્ય દર્શાવ્યું છે ત્યાં કાવ્યાનુભૂતિની તીવ્રતા સંવેદનની જાગૃતિ, પ્રેમ યૌવનની માદક વિહ્વળતા, અને ભાવ કલ્પતાના વિલક્ષણ કલાયોગ છે. કહેવાની જરૂર નથી કે આચાર્ય હેમચન્દ્ર મહાવ્યાકરણકાર હોવા ઉપરાંત મહા યોગીન્દ્ર કવીન્દ્રના મહિમાથી વિભૂષિત હતા.

(**શ્રમણ** ઓગષ્ટ ૧૯૭૧ માંથી ઉધ્ધૃત)

---

—સત્ય એ સૂર્યના પ્રકાશ જેવું છે. એ એની મેળેજ પ્રકાશી ઉઠે છે, અને વિના કહે જગત એનું દર્શન કરી શકે છે. સૂર્યના આગમન ટાણે નગારા વગાડવા પડતાં નથી. સત્યમાં પણ આવી પ્રતિભા રહેલી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરની કરુણામય દૃષ્ટિ

મનસુખલાલ તારાચંદ મહેતા

હિંસાના મુખ્યત્વે બે વિભાગ પાડી શકાય. એક દ્રવ્ય હિંસા અને બીજી ભાવ હિંસા. કોઈ જીવને મારવો, પ્રાણ લઈ લેવો એ હિંસા છે. ક્રોધ, માન, માયા, લોભ, ઈર્ષ્યા, દ્વેષ, નિંદા, કોઈનું મનથી બૂરું ઇચ્છવું–આ બધી ક્રિયાઓ બાહ્ય રીતે આપણે નથી જોઈ શકતા, કારણ કે આવી બધી ક્રિયાઓનો સંબંધ મન સાથે હોય છે. મન વડે થતાં આવા બધા અપરાધો, બીજાઓ કદાચ ન જોઈ કે સમજી શકે, પરંતુ આ બધા ભાવ હિંસાના પ્રકારો છે. બાહ્ય રીતે તપની ક્રિયા કરતાં હોવા છતાં, પ્રસન્નચંદ્ર રાજર્ષિ જેઓ સાધુ હતા, તેઓ મનમાં એવા દુષ્ટ ભાવો આચરી રહ્યાં હતાં, કે એવે સમયે તેમનું મૃત્યું થાય, તો એ જીવે સાતમી નરકમાં જવું પડે. ભાવ હિંસાનો સંબંધ મુખ્યત્વે માનવમનની સાથે છે, એટલે એ હિંસા પ્રત્યક્ષ રીતે દરેક પ્રસંગે જોઇ શકાતી નથી. માનવમાત્રે પોતાની જાતનું સંશોધન કરી તે શોધી કાઢવાનુ હોય છે. બાહ્ય રીતે, ક્રિયા ભલે ગમે તેટલી ઉંચી દેખાતી હોય, પરંતુ તેમ છતાં ક્રિયા કરતી વખતે મનમાં જે ભાવો રમતાં હોય, તે પ્રકારના કર્મનો બંધ જીવને પડતો હોય છે. તેથી જ આનંદઘનજી જેવા સમર્થ મહાત્માએ તેમના રચેલાં એક સ્તવનમાં સ્પષ્ટ રીતે કહ્યુ છે કે, 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું' જ્ઞાની પુરુષોએ તેથી જ મનને મોક્ષ અને બંધનનું કારણ કહેલું છે. ધર્માનુષ્ઠાનો જેવા કે સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, આંબેલ, ઉપવાસ, દેવદર્શન, તીર્થયાત્રાઓ વગેરે કરવાનો મૂળ હેતુ, તે દ્વારા આપણી આંતરિક શુદ્ધિ સાધવાનો, મનને નિર્મળ બનાવવાનો છે. આ રીતે, બાહ્ય ક્રિયાની સહાય દ્વારા મનનાં ભાવોની ઉત્તરોત્તર શુદ્ધ થવી જોઇએ. આમ શકય બને તો જ આપણાં કરેલાં ધર્માનુષ્ઠાનોની સાર્થકતા છે. ધર્મશાસ્ત્રોએ પણ સ્પષ્ટ રીતે જ કહ્યું છે કે બાહ્યતપ, અભ્યંતર તપની પુષ્ટિ અર્થેજ કરવાનો હોય છે.

ઘડિયાળના યંત્રમાં અનેક નાનાં મોટાં ચક્રો હોય છે, સમય બતાવવાનાં કાંટા હોય છે, અંદરના ભાગમાં કમાન હોય છે–આ બધાં જો બરોબર કામ કરતાં રહે તો જ ઘડિયાળ નિયમિત રીતે ચાલી શકે છે. એકાદ ભાગ પણ બગડવા પામે તો ઘડિયાળ કામ કરતું અટકી પડે છે. આપણા જીવનનું જો સૂક્ષ્મ રીતે નિરીક્ષણ કરવામાં આવે તો, આપણને માલૂમ પડશે કે, અમુક ક્ષેત્રે આપણે નિયમબધ્ધ રહીએ છીએ, તો અન્ય ક્ષેત્રે વ્યવહારના ઓઠાં નીચે આપણે જુદી જ રીતે વર્તતાં હોઈએ છીએ, દ્રવ્ય ક્રિયા, બાહ્ય તપ વગેરે આંતરશુદ્ધિ અને મનનાં નિર્મળ ભાવો માટે કારણરૂપ બનવા જોઇએ. મેલાં કપડાંને સાબુ વડે ઉજળું બનાવી શકાય છે, પણ સાબુ વાપરવા છતાં કપડું એવું ને એવું જ રહે, તો આપણો સાબુ ખામીવાળો છે એમ માનવું પડે. આ રીતે, તપ–ધર્માનુષ્ઠાનો કરવા છતાં આપણાં વિષયકષાયો પાતળા ન પડે તો, આપણા તપ–ધર્માનુષ્ઠાનોમાં કયાંક દોષ છે એમ માનવું રહ્યું તપ–ધર્માનુષ્ઠાનો કાંઇ ફોગટ નથી, જીવનશુદ્ધિ માટે આ બધાની આવશ્યકતા છે. પરંતુ, આ બધું કરવા પાછળ સાધ્ય શું છે, તેનો સતત ખ્યાલ સાધકને હોવો જોઈએ. ઘાંચીની ઘાણીનો બળદ આખો દિવસ ચાલતો રહેતો હોવા છતાં, સાંજે પાછો હતો ત્યાંને ત્યાં જ ઉભેલો જોવામાં આવે છે, એવું આપણી બાબતમાં ન બનવું જોઈએ.

જ્ઞાનનું ફલ વિરતિ છે, પરંતુ જ્ઞાન હોય અને છતાં તેને અનુરૂપ વર્તન ન હોય તો, એવુ જ્ઞાન માત્ર ભારરૂપ જ બની રહે છે. વિના કારણે કોઇ આપણી સાથે દુષ્ટ રીતે વર્તે, પીડા આપે, રીબાવે કે હેરાન કરે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો એના પ્રત્યે પણ કેવી કરુણા અને અનુકંપા દાખવવા જોઈએ, એ વાત ભગવાન મહાવીરના નીચેના એક જીવન પ્રસંગ પરથી સમજી શકાશે.

દીક્ષા લીધા પછીના દશમા વરસે, ભગવાન મહાવીર મ્લેચ્છોથી ભરપૂર એવી દઢ ભૂમિમાં વિહાર કરતા હતા. એવે વખતે, પેઢાલ ગામની નજીક પેઢાલ નામના ઉદ્યાનમાં, પોલાસ નામે ચૈત્યમાં આઠ ટંકનો ઉપવાસ કરી ભગવાન મહાપ્રતિમા નામનું તપ કરતા હતા.

તે વખતે સંગમ નામના દેવે એક જ રાત્રિમાં ભગવાનને અનેક ઉપસર્ગો કર્યાં, અને ત્યારપછી પણ છમાસ સુધી તે પ્રવૃત્તિ ચાલુ રાખી હતી. આ ઉપસર્ગો દરમ્યાન ભગવાન મહાવીરને શું શું વેઠવું પડ્યું હતું, તેની કલ્પના કરવી મુશ્કેલ છે. પ્રથમ રાત્રિ દરમિયાન વજ્ર જેવા તીક્ષ્ણ મુખવાળી કીડીઓ તે સ્થળે ઉભરાઈ આવી. આ કીડીઓએ ભગવાનના શરીરને કોચી કોચીને ચાલણી જેવું કરી નાખ્યું. કીડીઓનો ત્રાસ ચાલુ હતો, ત્યાં સાથે ભયંકર ડાંસનું ટોળું આવી પહોંચ્યુ અને શરીરમાંથી લોહી ચૂંસવા લાગ્યું. ડાંસની સાથોસાથ તીવ્ર મુખવાળી ધીમેલો આવી પહોંચી અને શરીર પર રૂંવાટાં ખડાં થયા હોય, તે રીતે શરીરની ચારે બાજુ ચોંટી ગઈ.

આ બધું અધૂરું હોય તેમ પછી વીંછી, સાપ, ઉંદરો અને નોળિયા પણ ત્યાં એકઠાં થઈ ભગવાનનાં શરીરનાં માંસ અને લોહીની મિજબાની ઉડાવવા લાગ્યા. એ પછી, જંગલી હાથી આવ્યો અને સૂંઢવડે ભગવાનને ઉછાળી અધમૂઆં કરી નાખ્યા. હાથી પછી વળી હાથણી આવી અને તેણે પણ થઈ શકે એ રીતે ભગવાનને હેરાન કર્યા.

ભગવાન આ બધી યાતનાઓ વચ્ચે મેરુપર્વતની માફક અચળ અને અડગ રહ્યાં, એટલે પેલા સંગમદેવે પવનનું મોટું વાવાઝોડું ઉભું થયું અને મોટી મોટી શિલાઓ અને વૃક્ષો ઉખેડીને દડાની માફક ભગવાનની તરફ ફેંકતો ગયો. આવા તમામ પ્રકારના પ્રતિકૂળ વાતાવરણમાં પણ ભગવાન અડગ રહ્યાં, એટલે પેલા દેવે આખરી ઉપાય તરીકે અનુકૂળ પ્રલોભનોના હુમલાઓ શરૂ કર્યા. ભગવાનને સદેહે સ્વર્ગ જેવા સુખો ભોગવવાની લાલચો આપવામાં આવી તેમ છતાં સંગમદેવની કોઈ કારી ન ફાવી, એટલે છેલ્લે દેવાંગના અને અપ્સરા જેવી અદ્ભુત રૂપવાળી સ્ત્રીઓ દેહસુખ ભોગવવા અનેક આજીજી કરતી ભગવાનની સામે મૂકવામાં આવી. પરંતુ શ્રી મહાવીર તેનાથી જરાએ ચલિત ન થયા. આ પ્રસંગને અનુલક્ષી કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે સકલાર્હત્ સ્તોત્રમાં ભગવાનની સ્તુતિ કરતાં કહ્યું છે કે :–

**कृतापराधेऽपि जने, कृपामन्थर तारयोः**
**ईषद्–बाष्पार्द्रयोर्भद्रं, श्री वीरजिन नेत्रयोः**

મહાન યોગેશ્વર એવા ભગવાન મહાવીરે સમાધિ–માંથી જાગ્રત થઇ અનેક ઉપસર્ગો કરનાર એવા સંગમ દેવને પોતાની સામે જોયો, ત્યારે ભગવાનને સૌ પ્રથમ વિચારતો એ આવ્યો કે 'અરે ! આ બિચારા જીવનુ શું થશે ?' આવી અસીમ કરુણાના કારણે, ભગવાનના નેત્રોની પાંપણો અશ્રુભીની બની ગઈ. કરુણામય દૃષ્ટિ અને અનુકંપાની પરાકાષ્ઠાનો ભગવાનના જીવનનો આ એક અજોડ દાખલો છે.

જૈન લોકો જેવો ઉગ્ર તપ કરે છે, તેવો તપ જગતના કોઈ પણ સંપ્રદાયના માનવોમાં જોવામાં નથી આવતો. આ તપનો વારસો આપણને તીર્થંકર ભગવંતો તરફથી પ્રાપ્ત થયો છે. ભગવાન મહાવીર માટે 'તપ'એ કોઈ નવી વસ્તુ ન હોતી. ભગવાનના સત્તાવીસ ભવો પૈકી, પચીસમા નંદન રાજાના ભવમાં, દીક્ષા લીધા બાદ શેષ જીવનમાં એક લાખ વર્ષ સુધી, માસ ખમણના પારણે માસખમણની ઉગ્ર તપશ્ચર્યા ચાલુ રાખી હતી. પરંતુ ભગવાન મહાવીરે અંતિમ ભવમાં, સાડા બાર વર્ષ સુધી જે ઉગ્ર તપ કર્યું, તેમાં વિશિષ્ટતા એ હતી કે તપને, દેહદમનને અને કાયા ક્લેશને આચરતા રહી, ભગવાને સાથો સાથ તેમાં આંતર શુદ્ધિ–જીવન શુદ્ધિની દૃષ્ટિ રાખી હતી. દિગમ્બર તાર્કિક સંમતભદ્રે આ વાતનો નિર્દેશ કરતાં કહ્યું છે કે, ભગવાનના કઠોર તપની પાછળ જીવન વિષે ઊંડા

( અનુસંધાન પાના ૨૬ ઉપર જુઓ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થક્ષેત્ર શત્રુંજય

શ્રમણ મે ૧૯૭૧માંથી ઉધ્ધૃત

( હિન્દીમાં મૂળ લેખક શ્રી હરિહરસિંહ અનુ. 'રક્તતેજ' )

( ગતાંક અંક ૧૨ પૃષ્ટ ૧૫૫ થી ચાલુ )

તેરમી સદીમાં મુસલમાનોના આક્રમણે જોર પકડયું હતું, અને તેઓએ ધીરે ધીરે આખા ગુજરાત પર સત્તા જમાવી લીધી હતી. તેઓની વિનાશક પ્રવૃત્તિઓથી કદાચ કોઈ જ જૈન મંદિર કે હિન્દુ મંદિર બચી શકયું નહિ હોય. શત્રુંજયનું આ વિશાળ મંદિર પણ તેઓનું નિશાન બની ચુકયું. આ મંદિરને વિકટ સ્થિતિમાં જોઈને દાનવીર સમરાશાહે સન ૧૩૧૪માં તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો. જે આ મંદિરનો ૧૫મો ઉદ્ધાર થયો. એ જ રીતે સન ૧૫૩૦ ઇ. માં કરમાશાહે તેનો ૧૬મો જીર્ણોદ્ધાર કરાવ્યો. મંદિરનો શિખરભાગ કરમાશાહના સમયનો હોય તેમ જણાય છે.

શિલાલેખોના અભાવે ઘણા સમય સુધી વિદ્વાનોની એ માન્યતા રહી હતી કે શત્રુંજય ગિરિ ઉપર જે જે પુરાતત્ત્વના અવશેષો ઉપલબ્ધ છે તે બારમી સદી પહેલાના નથી. પરંતુ મુનિશ્રી પુણ્યવિજયજીને ઉપલબ્ધ થયેલ પુણ્ડરીકસ્વામીની મૂર્તિ ઉપરથી એ વાત નિશ્ચિત થાય છે કે બારમી સદી પહેલા પણ અહીં મૂર્તિ પ્રતિષ્ઠા વગેરે કાર્યો સારી રીતે થતા હતા, ભલે તેની સાબિતી ઓછી મળે છે. પુણ્ડરીકસ્વામીની આ બેઠેલી મૂર્તિ સંયોગવશાત્ તિથિનો ઉલ્લેખ છે. તેના ઉપર વિ. સં. ૧૦૬૪ (ઇ. સ. ૧૦૦૮)નો લેખ છે. એક બીજી મૂર્તિ શ્રેષ્ઠી નારાયણની છે જેના ઉપર વિ. સ. ૧૧૩૧ (ઇ.સ. ૧૦૭૫નો લેખ છે.) આ બન્ને મૂર્તિ સફેદ સંગેમરમરની બનાવેલી છે અને આજકલ આદિનાથની ટુંકમાં સુરક્ષિત છે. જૈન ઉપરાંત હિન્દુ મૂર્તિઓ પણ અહીં પ્રાપ્ત થાય છે. આ સંદર્ભમાં સફેદ સંગેમરમરની બનેલી એક મહિષાસુરમર્દિનીની મૂર્તિ ખાસ ધ્યાન ખેંચે એવી છે. સંયોગવશાત આ મૂર્તિ ઉપર પણ શિલાલેખ છે જે વિ. સ. ૧૩૭૧ (ઈ.સ. ૧૩૧૪)નો છે.

શ્વેતામ્બર સમ્પ્રદાયના આ તીર્થને ઘણું પવિત્ર માને છે. બાર મહિના (ચાતુર્માસ સિવાય) અહીં યાત્રાળુઓ આવે છે અને શત્રુંજય પર યુગાદિ દેવની પૂજા કરવી એ પોતાનું પરમ કર્તવ્ય માને છે. સન ૧૯૧૬માં જ્યારે લોર્ડ વિલિંગ્ટને આ સ્થાનની યાત્રા કરી તો મુંબઈના 'ટાઈમ્સ'માં The Goveruor's tour in the city of Temples' નામનો એક લેખ પ્રકાશિત થયો હતો. ત્યારથી આ સ્થળ અને બીજા એવા સ્થાન જ્યાં મંદિરોની સંખ્યા મોટી હોય છે તેને 'મંદિરોનું શહેર' એ નામથી ઓળખાવવામાં આવે છે.

✠

( અનુસંધાન પાના ૨૫ નું ચાલુ )

ઉતરી શકાય, તે ધ્યેય મુખ્ય હતું.

તપ તેમજ અન્ય ધર્માનુષ્ઠાનો કરતાં કરતાં તેની પાછળ, આપણે આંતર શુદ્ધિ–જીવન શુદ્ધિની પણ દૃષ્ટિ રાખીએ, આ બોધપાઠ ભગવાનના જીવન પરથી આપણે સૌએ લેવાનો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તપ અને જપ

—ઉપાધ્યાય શ્રી અમરમુનિ મહારાજ

ભારતના સમસ્ત ધર્મનો સાર છે– તપ અને જપ. જે જીવનમાં તપ નહિ, જપ નહિ તે જીવન શું ? તપથી જીવન પવિત્ર થાય છે અને જપથી બળવાન બને છે. શરીરથી તપ કરો અને મનથી જપ કરો. તપ અને જપથી જીવન પૂર્ણ થાય છે. વસ્ત્ર મલિન થાય ત્યારે તેને સ્વચ્છ કરવાં માટે બે ચીજની જરૂર પડે છે, પાણી અને સાબુ. એકલુ પાણી પણ કપડાંને સાફ કરી શકતું નથી અને એકલો સાબુ પણ વ્યર્થ બને છે. બંનેના સંયોગથી જ વસ્ત્રની સંશુદ્ધિનો સંભવ રહે છે. વસ્ત્ર બંનેથી શુદ્ધ થાય છે.

આત્મા અનંત કાળથી માયા, વાસના અને કર્મના સંજોગોથી મલિન થઈ રહેલ છે. અપવિત્ર અને અશુદ્ધ થઈ ગયેલ છે. તેને પવિત્ર અને શુદ્ધ કરવાનું મનુષ્યનું પરમ કર્તવ્ય છે. આત્માની શુદ્ધિનો અમર આધાર છે– તપ અને જપ. તપ પાણી છે, જપ સાબુ. તપ અને જપના સંયોગથી આત્મા પવિત્ર અને નિર્મળ બને છે. તપનો અર્થ છે પોતે પોતાને તપાવવું અને જપનો અર્થ છે પોતે પોતાને પીછાણવું. પહેલાં તપો અને પછી તમારા સ્વરૂપને પ્રાપ્ત કરો. મહાવીર પહેલાં તપ્યા હતા, પછી તેમણે પોતાના સ્વરૂપને પ્રાપ્ત કર્યું. ભક્તમાંથી ભગવાન એમ બનાય છે.

. મનુષ્ય મહાન છે કારણ કે તે પોતાના શરીરનો સ્વામી છે. મનનો સ્વામી છે. પોતાના આત્માનો રાજા છે. જે પોતાના જીવનમાં ઇન્દ્રિયોના દાસ બની રહે છે. મનના ગુલામ બની રહે છે. જીવે છે અને શરીરની આવશ્યકતાઓમાં ફસાઈ રહે છે તે શું, તો તપ કરશે કે શું જપ કરશે ? અને શું આત્માને પીછાણશે ? ઇન્સાન જ્યાં સુધી પોતાની જિંદગીનો બાદશાહ બનતો નથી; ભિખારી બનીને ફરે છે ત્યાંસુધી ઉત્થાનની આશા રાખવી નિરર્થક છે. પોતાના જીવનનો રાંક શું રાખ સાધના કરશે ?

એક ભિખારી ભાગ્યયોગથી રાજા બની ગયો. સોનાના સિંહાસન ઉપર બેસી ગયો. શરીરને સુંદર વસ્ત્ર અને કિંમતી આભૂષણોથી અલંકૃત કરી દીધું. સોનાની થાળીમાં ભોજન કરતો, સોનાના પાતરમાં પાણી પીતો, હજારો હજારો સેવકો સેવામાં હાજર રહેતા, ચાલતો ત્યારે છત્ર અને ચમર ઢાળવામાં આવતાં, રહેવા માટે ભવ્ય ભવન, જીવનમાં ત્યારે હવે શું કમીના હતી ! ચારે ય બાજુથી જય જયકાર થતો. પણ આ કઈ વાત ? મંત્રી આવે ત્યારે તે ડરે છે. સેનાપતિ આવે ત્યારે કંપે છે. નગરના શેઠ શાહુકાર આવે ત્યારે બેબાકળો બને છે કે જે શેઠ શાહુકારોનાં દ્વાર ઉપર કોઇ ભિક્ષા-પાત્ર હાથમાં લઈને ભટકતો ફરતો હતો. આજ તેઓ તેની સામે હાથ જોડીને ઊભા છે તો પણ તે ભયભીત રહેતો. કારણ શું હતું ? તે શરીરથી રાજા જરૂર હતો, પરંતુ મનનો ભિખારી જ હતો. તેનું મન હજી રાજા-પણું મેળવી શકેલ ન હતું. સત્તાના સિંહાસન ઉપર આરૂઢ થવા છતાં તે પોતે પોતાને હજી સુધી ભિખારી જ સમજતો હતો. શરીરથી રાજા બનવા છતાં તે મનથી ભિખારી જ હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હું કહી રહ્યો હતો કે સમાજમાં આ જાતના ભિખારી–રાજાઓની કમીના નથી. હજારો મનુષ્ય પોતાના શરીરના ગુલામ છે. મનના દાસ છે. સંપત્તિ, સત્તા અને ખ્યાતિના દાસ છે. ઘરમાં અપાર ધનરાશિ હોય પણ કેવળ તેજુરીઓમાં બંધ રાખીને ધૂપ દીપ દેવા માટે, જીવનમાં તે ધનના દાસ બનીને રહે, સ્વામી બની શકશે નહિ. ધન મળ્યું તેથી શું થયું ? ન જાતે ભોગવ્યું કે ન સમાજ કે રાષ્ટ્રના કલ્યાણ માટે આપી શકાયું.

શક્તિ મળી, સત્તા મળી, પણ તેથી થયું શું ? પોતાના સ્વાર્થનું પોષણ કર્યું, પોતાને સુખી બનાવવાના પ્રયત્નમાં રહ્યા. પોતાની સમૃદ્ધિ માટે બીજાઓના જીવનનો અનાદર કર્યો. બનવું જોઈતું હતું, દીન–અનાથના રક્ષક, બની બેઠા ભક્ષક. તરવાર હતી રક્ષણને માટે પણ કરવા લાગ્યા દીન-જનોનો સંહાર. સત્તા મળી પણ કર્યું શું ? બીજાને પીડા જ આપતા રહ્યા ને ?

વિદ્યા મળી, શિક્ષા મળી, જ્ઞાન મળ્યું પણ શું ? વિવાદ કરતા રહ્યા, લડતા જ રહ્યા. જીવનભર પોતાના પાંડિત્યનું પ્રદર્શન કરતા રહ્યા. જનતાનું અજ્ઞાન દૂર કરી શકયા નહિ. જનતાને સન્માર્ગ બતાવી શકયા નહિ. ધર્મગુરુ પણ બન્યા. પરંતુ પંથોના નામ ઉપર, પોથીઓના નામ ઉપર સંઘર્ષ કરતા રહ્યા. સત્ય કહેવાનું સાહસ નથી, હિંમત નથી, તો શું ધર્મગુરુ રહ્યા ? પોતપોતાના વિચારોના ખીલાથી બંધાએલ પડયા છે. પંથ અને મતોની બેડીઓથી બંધાએલ રહ્યા છે. સત્યને પારખ્યું નહિ. પારખ્યું તો પણ જીવનમાં ઉતારી શકયા નહિ. હજારો પોથીઓનો ભાર ઉપાડતા રહ્યા, શાસ્ત્રોના નામ ઉપર, ધર્મ ગ્રંથોના નામ ઉપર પણ સાર શું નીકળ્યો ? આચાર્યના શબ્દોમાં મારે કહેવું પડશે—

"વિદ્યા વિવાદાય, ધનં મદાય
શક્તિ પરેષાં પરિપીડનાય !"

વિદ્યા મળી, પ્રકાશ ન મેળવી શકયા. કેવળ વાદ જ કરતા રહ્યા તે જ્ઞાનના ગુલામ છે, વિદ્યાના ભિખારી છે. ધન મળ્યું ન જાતે ભોગવી શકયા કે ન આપી શકયા. ધન–મદ અને અર્થ–અહંકાર જ કરતા રહ્યા. તેવા ધનના ગુલામ છે, શક્તિ અને સત્તા મળી ન્યાય અને નીતિને માટે. પણ બીજાને પીડા જ કરતા રહ્યા. તેવા શક્તિ અને સત્તાના ગુલામ છે. રાજા બન્યા પણ અંતમાં ભિખારી જ રહ્યા. હું કહી રહ્યો હતો કે પોતાના જીવનના આવા કંગાળ–ભિખારી શું વિકાસ કરી શકશે ? શું પોતાને સંભાળશે ? જીવન એક વિશાળ રાજ્ય છે. કદી આપણું પ્રભુત્વ આપણા તન ઉપર ચાલતું નથી, મન ઉપર ચાલતું નથી તો આપણે કઈ રીતે રાજા ? કદી આપણે તન અને મનના ગુલામ બની રહીએ તો જીવનરાજ્યમાં તે ભિખારી રાજાથી અધિક કિંમત આપણી થઈ જશે ?

એક દાર્શનિકને પૂછવામાં આવ્યું–' સફળ જીવનની વ્યાખ્યા શું છે ? તેમણે મ્હોં મચકોડીને કહ્યું–' તમે મનુષ્ય છો, મનનશીલ છો, જરા મનન કરો, વ્યાખ્યા મળી જશે.' મનુષ્ય જયારે જન્મ લે છે ત્યારે રોતા અવતરે છે, શા માટે ? તે કારણે કે તે વિચાર કરે છે કે–હિમાલય જેવા કર્તવ્યના ભારને ઉઠાવતાં કઈ રીતે મારું જીવન સફળ કરી શકવામાં સમર્થ બનીશ ! તે કારણે કે તે અમારા ઘરનું અંધારું દૂર કરશે. વંશ કુળ અને જાતિનું નામ કાઢશે. અમારા જીવનનો આધાર અને સહારો રહેશે. અમને રક્ષણ અને સહયોગ આપશે. જીવનયાત્રાની સમાપ્તિ સાથે મનુષ્ય હસતો જાય અને બીજા રોતા રહે અને કહે કે આજ પરિવાર, સમાજ, અને રાષ્ટ્રને મોટી ખોટ પડી છે. મનુષ્ય કેવો હતો, કે વાસ્તવમાં દેવ હતો, તેના પરિવારને સ્વર્ગ બનાવ્યો, સમાજને સ્વર્ગ બનાવ્યો, રાષ્ટ્રને સ્વર્ગ બનાવ્યું. આ એક સફળ વ્યાખ્યા છે. સફળ જીવનની પરિભાષા છે અથવા કદી મૃત્યુ સમયે આપણે રોઇએ અને સંસાર હસે ત્યારે આ આપણા જીવનની ચોકખી હાર છે. એક ઘણી મોટી અસફળતા છે.

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'સાચી ઓળખાણ'

લે. આચાર્યશ્રી કસ્તૂરસૂરિજી.

માનવી જ્યાં સુધી અણજાણ હોય છે, ત્યાં સુધી તેને ઓળખાણની જરૂરત રહે છે, ઓળખાણ સિવાય સંસારનો વ્યવહાર ચાલી શકતો નથી. જીવ માનવ દેહે અવતર્યા પછી તરતજ સંકુચિત સંસ્કારની અવસ્થામાં પણ દશ્ય જગતને ઓળખવા મથે છે પણ અવિકસિત બુદ્ધિને લઇને ઓળખી શકતો નથી. તે જ્યારે વરસેકનો થાય છે ત્યારે માતાપિતા આદિ સ્વજન વર્ગ સચેતન તથા અચેતન વસ્તુની ઓળખાણ કરાવે છે. વસ્તુ દેખાડી તેનું નામ વારંવાર સંભળાવે છે એટલે બાળક તે નામવાળી વસ્તુને ઓળખતું થાય છે. પછી કોઈપણ વખતે તે નામ સાંભળવા માત્રથી તે વસ્તુને ઓળખી શકે છે, અથવા તો તે વસ્તુ જુએ છે કે તરતજ તેનું નામ ઉચ્ચારણ કરી તે જાણપણું બતાવે છે. જેમ જેમ વય વધતી જાય છે તેમ તેમ બુદ્ધિ તથા સંસ્કારનો વિકાસ થતો જાય છે અને અનેક માણસોના સહવાસમાં આવવાથી તેમજ અનેક સ્થળોમાં ફરવાથી પોતાની બુદ્ધિના પ્રમાણમાં પોતાની મેળે અથવા તો માણસો દ્વારા અનેક વસ્તુઓને ઓળખતો થાય છે. પોતાના જીવનવ્યવસાયના ક્ષેત્રના સંબંધમાં આવતી તથા વપરાતી વસ્તુઓને સારી રીતે ઓળખી શકે છે. અર્થાત્ પોતાના ધંધાના અંગે સહવાસમાં આવતા માણસોને, કરવામાં આવતી પ્રવૃત્તિઓને અને વ્યાપારને લગતી વસ્તુઓને સારી રીતે ઓળખે છે. જીવનમાં નિરુપયોગી અને સ્વપ્નમાં પણ ન મળનારી વસ્તુઓને પણ તે વસ્તુઓના જાણ દ્વારા ઓળખે છે અને હું પણ અમુક વસ્તુઓનો જાણ છું એવું મિથ્યાભિમાન ધારણ કરે છે.

અનેક પ્રકારના સ્વાર્થને લક્ષમાં રાખીને માણસો એક બીજાની સાથે ઓળખાણ કરવાને હંમેશા આતુર રહે છે; કારણકે તેઓ ઓળખાણને એક પ્રકારની ખાણ માને છે. ધન, રૂપ, બળ અને સત્તાથી સમૃદ્ધ માણસોની ઓળખાણ ઘણીજ મહત્વની ગણાય છે, છતાં ધનવાનની ઓળખાણને પ્રધાનતા આપવામાં આવે છે. ત્યાગી હોય કે ભોગી હોય, બધાયને બીજી ઓળખાણ ન હોય તો ચાલે પણ ધનવાનની ઓળખાણ વગર તો જીવન નિરસ ગણે છે, કારણકે વૈષયિક કામનાઓ ધનવાન વગર સફળ થતી નથી, માટે ધન વગરનાને ધનવાનની ખુશામત કરીને પણ તેની ઓળખાણ કરવી પડે છે અને અનેક પ્રકારની તાબેદારી ઉઠાવીને તેને ટકાવી રાખવી પડે છે. ધનસમૃદ્ધ માણસો ધનવાનની ઓળખાણની ઓછી પરવા રાખે છે, કારણકે તેમની પાસે ધન હોવાથી ધાર્યા પ્રમાણે કામના સફળ કરી શકે છે. વાસનાપૂર્ણ ધનહીન ભોગી હોય છે તેમ કહેવાતા ત્યાગી પણ હોય છે. ત્યાગીમાં પણ કળાવાન આવડતવાળા ત્યાગી દાવાદાવાની કુશળતાથી જાડી બુદ્ધિના ધનવાનને વશ કરીને તેમના ધન તથા વૈષયિક વસ્તુઓથી વાસના પોષીને પોતાને કૃતકૃત્ય માને છે, ત્યારે આવડત વગરના ખુશામત કરીને પણ ધનવાનની ઓળખાણથી પોતાની ઈચ્છા પૂર્ણ કરે છે. ધનહીન ભોગી પણ ખુશામતથી અથવા તો કોઈપણ પ્રકારની કળાથી ધનવાનની ઓળખાણદ્વારા જીવન-નિર્વાહના સાધનો મેળવે છે તેમજ વૈષયિક ઈચ્છાઓ પૂર્ણ કરે છે. ધનવાનની ઓળખાણની જેમ રૂપ, બળ તથા સત્તા સમૃદ્ધની ઓળખાણો પણ ક્ષુદ્ર સ્વાર્થ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાધવાને માણસો કરે છે.

સકર્મક સંસારી જીવોને વૈષયિક સંસ્કારો અનાદિ કાળથી હોય છે. નિગોદની અવસ્થામાં પણ તિરોભાવે રહેલા હોય છે તેનો ઇંદ્રિયો તથા મનની સામગ્રી મળવાથી આવિર્ભાવ થાય છે. આહાર તથા વિષયોને માટે જોઈતી પૌદ્ગલિત વસ્તુઓની ઓળખાણ જીવને દરેક જીવનમાં કરાવવી પડતી નથી, પૂર્વના સંસ્કારોને લઇને પોતાની મેળે જ કરી લે છે, ફક્ત સાધારણ નિમિત્તની જરૂરત પડે છે. વૈષયિક પ્રવૃત્તિ જોઈને કે સાંભળીને જીવની વિષયવાસનાઓ જાગૃત થઈ જાય છે. વિષયાસક્ત બનવા ઉપદેશની કે અભ્યાસ કરવાની જરૂરત રહેતી નથી, તોયે વિષયને વધારે રસવાળો બનાવી આનંદ તથા સુખ વધારનાર પૌદ્ગલિક વસ્તુઓને ઓળખવાને નિરંતર કામાસક્ત વિષયના અનુભવી માણસોના સહવાસમાં રહીને અજ્ઞાત વૈષયિક વસ્તુઓને ઓળખે છે અને તેને મેળવવાને જોઇતાં સાધનો માટે કાળજીપૂર્વક પરિશ્રમ કરે છે.

માનવી માત્ર સ્વાર્થ પૂરતી ઓળખાણ કરવાને વધારે કાળજી રાખે છે. જે વસ્તુથી અથવા માણસથી પોતાનો કાંઈપણ સ્વાર્થ ન સધાતો હોય તેની ઉપેક્ષા કરે છે, સાધારણ જાણવા પૂરતું જ તે તરફ લક્ષ આપે છે. તોયે સંસારમાં પ્રધાન ગણાતી વિશિષ્ટ વ્યક્તિઓ તથા વિશિષ્ટ વસ્તુઓની ઓળખાણ કરવામાં કેટલાક માનવીઓ પોતાની મહત્તા સમજે છે. એટલે આવી ઓળખાણ કરવા જીવન તથા ધનનો વ્યય કરવામાં પણ સંકોચ રાખતા નથી. અને ઓળખાણ કરીને ઘણો જ સંતોષ માને છે. વિશિષ્ટ વસ્તુઓની ઓળખાણ કરીને જનતા પાસેથી બુદ્ધિશાળી તથા વિદ્વત્તાનું માન મેળવે છે, અને વિશિષ્ટ ગણાતી વ્યક્તિઓની ઓળખાણથી જીવનની સફળતા સમજે છે. ધનથી અથવા તો કોઇપણ પ્રકારના સન્માનથી જગતમાં મોટા ગણાતાની અંદર પ્રાયઃ ગર્વની ગરમી રહે છે એટલે તેમનામાં સુધરેલી ઢબની નમ્રતા તથા સભ્યતા હોય છે તેથી તેઓ સાધારણ માણસોની ઓળખાણ રાખતાં સંકોચાય છે, છતાં તદ્દન સુધરેલી ઢબની વિશિષ્ટ વ્યક્તિઓ સાધારણ અને ગરીબમાં ગરીબની પણ ઘણાજ ચાહથી નિઃસંકોચપણે ઓળખાણ રાખવામાં પોતાની મહત્તા સમજે છે, પણ તે સર્વ સાધારણ સેવાના રૂપમાં હોવાથી તેવી ઓળખાણ જનતાનું માન પ્રાપ્ત કરાવી શકતી નથી એટલે આવી ઓળખાણથી માનવીને સંતોષ થતો નથી, કારણકે સેવા નિમિત્તે ઓળખાણ રાખનારાઓનો આશય પ્રાયઃ જનતામાં બહુમાન તથા પ્રસિદ્ધિનો હોવાથી માનગર્ભિત લાગણી સિવાયની ઓળખાણ હોય છે અને તેમાં દયાની પ્રધાનતા હોય છે એટલે આવી ઓળખાણથી જનતામાં મહત્તા મળી શકતી નથી, તેથી સંતોષ પણ મળતો નથી.

જાણવામાં અને ઓળખવામાં કાંઈક તફાવત રહે છે. ઉપયોગી તથા નિરૂપયોગી પ્રસંગો, વસ્તુઓ તથા વ્યક્તિઓને સામાન્યપણે જાણવું તે જાણવું કહેવાય છે. જાણવામાં વધારે ઊંડા ઊતરવાનું હોતું નથી તેમજ જાણેલાની મન ઉપર રાગ-દ્વેષ સંબંધી કાંઈપણ અસર થતી નથી. જાણેલાનું સ્મરણ ઓછું થતું થાય છે અને કાળાંતરે સ્મરણમાંથી ભૂંસાઇ જાય છે ત્યારે ઓળખવામાં કાંઇક વિશિષ્ટતા રહેલી હોય છે. જો કે ઓળખવું પણ જાણવાને જ કહેવામાં આવે છે; ફરક માત્ર એટલો જ છે કે ગમે તેવા પ્રસંગને, વસ્તુને કે વ્યક્તિને લક્ષપૂર્વક જાણવી, ઊંડા ઊતરીને તેના રહસ્યને, ગુણ-ધર્મને સાચી રીતે સમજી લેવું અને તેનાથી મન ઉપર રાગ અથવા તો દ્વેષની અસર થવી તે ઓળખવું કહેવાય છે. સામાન્ય જાણવામાં ઉપેક્ષા થાય છે, પણ વિશેષ જાણવા રૂપ ઓળખવામાં પ્રાયઃ ઉપેક્ષા હોતી નથી. એટલા માટે જ ઓળખાણની વિસ્મૃતિ નથી અને તે જીવન પર્યંત પણ રહેવાવાળી હોય છે. ઓળખાણથી જીવન ઉપયોગી સાધન અલ્પ પ્રયાસે મેળવી શકાય છે; લાગણી અને સ્નેહ જન્મે છે તથા પ્રીતિ અને મૈત્રી વધે છે. કેવળ જાણવા માત્રમાં આવી વિશિષ્ટતા હોતી નથી. જાણેલુ ભૂલાય છે પણ ઓળખેલું ભૂલાતું નથી. જાણવાને ઘણી વખત અનિચ્છા દેખાડવામાં આવે છે; પણ ઓળખાણ માટે તો ઉત્સુકતા અને રુચિ જણાવાય છે. સ્વાર્થ સાધવા માટે તો ઓળખાણને અત્યંત આવકાર અપાય છે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને જનતામાં ખાસ કરીને માણસની ઓળખાણ તો અત્યંત ઉપયોગી મનાય છે.

આ પ્રમાણે મોહની શિખવણીથી દેહાધ્યાસી માનવી સ્વાર્થ માટે એટલે કે જીવનનિર્વાહના સાધન મેળવવાને અથવા તો વૈષયિક તૃષ્ણા શાંત કરવાને સચેતન તથા અચેતન વસ્તુઓની ઓળખાણ કરે છે. આખોય સંસાર ચર્મચક્ષુની ઓળખાણના પ્રવાહમાં તણાઇ રહ્યો છે, વૈષયિક વાસનાના દૃઢ સંસ્કારને લઇને કેવળ વાસના-પોષક જ વસ્તુઓને ઓળખવા પ્રયાસ કરી રહ્યો છે. જે ઓળખાણ વાસના શાંત કરવા પૂરતી કરવામાં આવે છે, તે વાસનાની ક્ષણિક શાંતિ થયા પછી ભૂંસાઈ જાય છે, કારણ કે જગત પરિવર્તનશીલ છે. જે ક્ષુદ્ર વાસના પોષવાને જેની ઓળખાણ કરવામાં આવી હોય તેમાં પરિવર્તન થવાથી તે વાસના પોસવામાં અસમર્થ થઈ જાય છે એટલે માનવી તેની ઓળખાણ રાખતો નથી કેમકે-ધનની વાસનાથી ધનવાનની ઓળખાણ કરવામાં આવે છે અને તેના ધનથી પોતાની વાસનાએ પોષે છે; પણ તે ધનવાન ધનહીન થઈ જાય તો પછી તેની ઓળખાણ કોઈ રાખતું નથી. કદાચ તે ધનહીન દશામાં ઓળખાણના અંગે કોઈપણ પ્રકારની સહાયતા માંગે તો જાણે તેને ઓળખતા જ ન હોય તેમ તેની સાથે વર્તવા તૈયાર થઈ જાય છે. કોઈનું સુંદર રૂપ તથા આકૃતિનો ઉપયોગ કરવાને ઓળખાણ કરાય છે અને ઇચ્છા પ્રમાણે વર્તાય છે, પણ જ્યારે રૂપ તથા આકૃતિમાં પરિવર્તન થવાથી અણગમતાં થાય છે ત્યારે ઉપેક્ષા કરાય છે, આવી જ રીતે તાત્વિક વસ્તુથી અજ્ઞાત જગત વૈષયિક વૃત્તિપોષક ઓળખાણને લઇને સંસાર-ચક્રમાં ભ્રમણ કરી રહ્યું છે તે અંતર્દષ્ટિથી વસ્તુને ઓળખ્યા સિવાય સુખ-શાંતિની દરિદ્રતા દૂર કરી શકશે નહિં.

જ્ઞાન-ચક્ષુહીન અજ્ઞાની જીવો ક્ષણિક સાટે જ કૃત્રિમ વસ્તુઓને ઓળખતા આવ્યા છે, અને તેથી પોતાની સર્વ સિદ્ધિ માની બેઠા છે. એટલે જ સાચી વસ્તુ મેળવી શક્યા નથી. અને આત્માને શાશ્વતી સુખ સંપત્તિવાળો બનાવી શક્યા નથી. માનવીને પ્રથમ તો પોતાની જ ઓળખાણ નથી. જે પોતાને સાચી રીતે ઓળખે છે તે જગતને સાચી રીતે ઓળખે છે અને જે જગતને સાચી રીતે ઓળખે છે તે જ પોતાને સાચી રીતે ઓળખી શકે છે; માટે જ સમ્યગજ્ઞાની સત્પુરુષો સ્વ-પરના આત્માનો વિકાસ કરી શાશ્વત સુખ-શાંતિ તથા આનંદના ઉત્પાદક હોય છે. વીતરાગ સર્વજ્ઞ દેવના સિદ્ધાંતોની દિશામાં નિરંતર ગમન કર્યા વગર પોતાને તથા જગતને સારી રીતે ઓળખી શકાય નહી. ક્ષણિક જગતની વૈભાવિક વસ્તુને પ્રધાનતા આપી પ્રકૃતિ સ્વરૂપ સાચી સ્વાભાવિક વસ્તુને ઓળખી આદર ન કરનાર વીતરાગના સિદ્ધાંતની દિશાથી વિમુખ હોય છે માટે તેવાની વાચાળતાથી કોઇ પણ આત્માનું હિત થઇ શકતું નથી. પાંચે ઇંદ્રિયોના વિષયમાં આસક્ત રહીને આડકતરી રીતે વિષયોને પોષીને સંતોષ તથા સુખ અનુભવનાર સુખ-શાંતિ આનંદસ્વરૂપ અમર આત્માને ઓળખી શક્યા નથી. મનુષ્ય દેહ તથા મનુષ્ય જીવન સકર્મક આત્માનો વિભાવ પર્યાય છે અને તે દેહ તથા જીવન બંને કર્મસ્વરૂપ હોવાથી જડાત્મક છે માટે તે ક્ષણવિનશ્વર વસ્તુઓ સાથે સંબંધ ધરાવે છે. અર્થાત્ ક્ષણિક વસ્તુઓના સંબંધથી ઉત્પત્તિ વિનાશ-વાળો છે, છતાં દેહાધ્યાસીપણે સત્સ્વરૂપ આત્માને સાચી રીતે ન ઓળખીને દેહને જ પ્રધાનતા આપવી અને કૃત્રિમ નામ, સુખ-આનંદ તથા શાંતિ આદિના માટે કષાય તથા વિષયનો આશ્રય લેવો તે વસ્તુસ્થિતિનું અણજાણપણું સૂચવે છે, માટે જ તે વિતરાગના સિદ્ધાંત પ્રમાણે પોતાને સાચી રીતે ઓળખી શક્યો નથી. જે વસ્તુ ત્રણે કાળમાં વિદ્યમાન રહે તે સત્-સાચી કહેવાય છે. અને જે પ્રત્યેક ક્ષણે બદલાય છે તે તાત્વિક દૃષ્ટિથી સાચી ન કહેવાય, જે સાચી વસ્તુ છે તે ઉત્પન્ન થતી નથી માટે તે વિનાશ પણ પામતી નથી. જે સુખ-શાંતિ આનંદ, જીવન આદિ ઉત્પન્ન થતાં નથી તે વિનાશ પણ પામતાં નથી, માટે તે જ સાચાં છે અને તે જ આત્મસ્વરૂપ છે. જે ઉત્પત્તિ વિનાશવાળું છે અને જેની ઉત્પત્તિ વિનાશમાં વિજાતીય દ્રવ્યની અપેક્ષા રહે છે તે સત્-સાચું નથી અર્થાત્ આત્મસ્વરૂપ સુખાદિ સાચાં છે અને પૌદ્ગલિક વસ્તુઓથી ઉત્પન્ન થવાવાળાં બના-વટી છે; કારણ કે તે જડ વસ્તુઓના સંયોગથી ઉત્પન્ન થાય છે અને વિયોગથી વિનાશ પામે છે. અથવા તો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંયોગ દેખાવા છતાં પણ જડાત્મક વસ્તુઓમાં પ્રત્યેક ક્ષણે પરિવર્તન થવાથી સુખાદિમાં હ્રાસ થતો જણાય છે અને છેવટે નષ્ટ થાય છે માટે તે અસત્ છે.

સચેતન તથા અચેતન વસ્તુઓને સર્વજ્ઞદેવે જેવી રીતે ઓળખાવી છે તેવી જ રીતે ઓળખાણ થાય નહિં ત્યાં સુધી સાચી ઓળખાણ કહેવાય નહિં. અને તે સાચી ઓળખાણ મોહના ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષય સિવાય થઈ શકતી નથી. મોહની ઓળખાવેલી બધી વસ્તુ જૂઠી છે, માટે મોહનો દાસ વિષયાસક્ત માનવી સાચું ઓળખી શકે નહિં તેમજ ઓળખાવી પણ શકે નહિં. સારી રીતે જાણી શકે, જણાવી શકે ખરો પણ સાચી ઓળખાણના અભાવે સાચું ફળ મેળવી શકે નહિં. અનેક પ્રકારના દેહ ધારણ કરવારૂપ વિભાવ પર્યાયોમાં મોહની પ્રબળ સત્તા હોવાથી તે વિભાવ પર્યાયોને આત્મા પોતાના સ્વરૂપે ઓળખે છે જેથી દેહનાં કૃત્રિમ નામની પ્રસિદ્ધિ માટે કષાયનો આશ્રય લે છે, અને દેહની સુખ–શાંતિ માટે જડ ધર્મ સ્વરૂપ વિષયોમાં આસક્ત રહે છે. આત્માને (પોતાને) સાચી રીતે ઓળખ્યા સિવાય કેવળ ઇંદ્રિયોની કરવામાં આવતી ઓળખાણથી આત્માની શક્તિ તથા સ્વરૂપનો હ્રાસ થાય છે. એટલે જ્ઞાનશક્તિથી નિર્બળ થયેલો આત્મા વસ્તુ માત્રને અવળી જાણે છે. અને અસતને પ્રધાનતા આપે છે. વીતરાગ દેવે સત્ વસ્તુને પ્રધાનતા આપી છે માટે જે સત્ છે તે જ સત્ય છે, જે ક્ષણિક વસ્તુઓ દૃષ્ટિગોચર થાય છે તે સત્નું પરિણામ છે પણ અસ્થિર છે માટે ખોટી છે. જ્ઞાન–દર્શન–જીવન–સુખ–આનંદ આદિ સત્ છે અને તે આત્માના ધર્મ છે માટે તે ક્ષણિક નથી કારણ કે તે ઉત્પત્તિ–વિનાશવાળા નથી પણ પરિણમન સ્વભાવવાળા છે છતાં શાશ્વતા છે–નિત્ય છે માટે જ તે સત્ છે અને તે જ આત્મા છે. તે સિવાય પૌદ્ગલિક વસ્તુઓ પ્રત્યેક ક્ષણે પુરાય છે અને ગળે છે માટે ક્ષણિક છે તેથી તે અસત છે–અનિત્ય છે; માટે સતનો સતપણે સ્વીકાર અને અસતનો અસતપણે બહિષ્કાર કરનાર આત્મા સ્વરૂપનો સંપૂર્ણ વિકાસ સાધી અમર પદ પ્રાપ્ત કરે છે.

## દિલ્હીમાં ધામધૂમપૂર્વક ઉજવાયેલ શ્રમણ ભગવાન મહાવીર ૨૫૦૦ મી નિર્વાણ શતાબ્દી

દિલ્હીમાં તા. ૧૩–૧૧–૭૪ થી તા. ૨૦–૧૧–૭૪ સુધી નિર્વાણ શતાબ્દીનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. તેમાં તા. ૧૬–૧૧–૭૪ના રોજ ભવ્ય વરઘોડો પાંચ માઈલના વિસ્તારમાં નીકળ્યો હતો. મુસલમાનો આનંદમાં આવીને બાળકોને એલચી અને સાકર વેંચી રહ્યા હતા. વરઘોડામાં ૧॥ થી ૨ લાખ જૈન જૈનેતર સામેલ હતાં. ચારે સંપ્રદાયનો વરઘોડો ભેગો કાઢવામાં આવ્યો હતો. રાત્રે સુંદર રોશની કરવામાં આવી હતી. આવો વરઘોડો ભારતભરમાં પ્રથમ છે. એમ જોનાર બોલી રહ્યાં હતાં. તા. ૧૭–૧૨–૭૪ના રામલીલા મેદાનમાં ૨॥ થી ૩ લાખ જૈન જનસભાને ભારતના વડાપ્રધાન શ્રીમતિ ઇંદિરા ગાંધીએ સંબોધી હતી. વડાપ્રધાન શ્રીમતિ ઇંદિરા ગાંધીનું સ્વાગત કરવા અમદાવાદથી શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ પણ પધાર્યા હતાં.

અત્રે શ્રી મહાવીર જૈન યુવક સંઘે મૌન એકાદશી ઉપર એક વિશાળ આયોજન રાખ્યું છે. અને એક લાખ રૂપિયા આત્મવલ્લભ સ્મારક માટે ભેગા કરવા નિર્ધાર કર્યો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

— પ્રાણી માત્ર ઉપર પ્રેમ સર્વાત્મ ભાવના પ્રકટયા વિના પ્રકટતો નથી. મારો જેવો આત્મા છે તેવો જ સર્વનો આત્મા છે. મારામાં જે ચૈતન્ય વિલસે છે. તેજ સર્વમાં વિલસે છે. આવો નિશ્ચય જેના અંતઃકરણમાં અનેક વિચારથી દઢ થયો હોય છે તેજ મનુષ્યમાં સર્વાત્મ ભાવના પ્રકટે છે અને તેજ મનુષ્ય પ્રાણિ માત્ર ઉપર પ્રેમ કરી શકે છે. જેઓ પ્રાણિ માત્ર ઉપર પ્રેમ કરી શકતા નથી તેઓને પોતાના આત્મ સ્વરૂપનું જ્ઞાન નથી.

— મનુષ્યો સ્પર્શ મણિને પ્રાપ્ત કરવા પ્રયત્ન સેવે છે. પરંતુ થોડા જ જાણે છે કે વિશુદ્ધ પ્રેમ હજારો અને લાખો સ્પર્શ મણિને પ્રકટાવવા સમર્થ છે. ચિંતામણિ જે કાર્ય નથી સાધી શકતાં તે વિશુદ્ધ પ્રેમ સાધે છે.

× × ×

— વિશુદ્ધ પ્રેમ પ્રકટતાં દુરાચારી સદાચરણી થાય છે અનુદાર ઉદાર થાય છે, કાયર શૂર બને છે. સ્વાર્થ પરોપકારી થાય છે. સ્વલ્પમાં પ્રેમ નિંદ્ય મલિન પદાર્થોનું રૂપાંતર કરી તેમને સુંદર, આશ્ચયકારક ગુણવાળા કરનાર રાસાયણિક શકિત છે.

— નિરંતર સદ્‌ગુણની વાતો કરવાથી તમે હજારો મનુષ્યોના મન શુદ્ધ કરી શકશો.

— તમે જે પ્રકારે વાત કરો છે. તે પ્રકારે તમે મનુષ્યના મનને દોરી શકો છો તમારા શબ્દો જે દિશાને દર્શાવે છે તે દિશામાં તેનું મન ગયા વિના રહેતું જ નથી. દોષની, દુરાચારની, વ્યાધિઓની અને વિપત્તિની વાતો કર્યા કરો તો ઘણા મનુષ્યો તે તરફ તણાયા જવાના.

— સદ્‌ગુણની, સદાચારની, આરોગ્યની વાતો કર્યા કરો તો ઘણા મનુષ્યો તેના તરફ આકર્ષાઈને પ્રાપ્ત કરવા મથવાના.

— અંતરમાં ઉતરી પ્રશાંત પડી રહેવાનો અભ્યાસ કોઈએ કદી પણ છોડી દેવો ન જોઈએ દિવસમાં પ્રસંગોપાત આંતરે આંતરે વિચારના વેગને શમાવી દઈને મનને અક્રિય રાખવાથી મન શુદ્ધ થાય છે તથા વિચારનું બળ વધે છે. અને સામર્થ્યની પણ વૃદ્ધિ થાય છે આંતર જીવનની પ્રશાંતિમાં પ્રવેશ કરવો એનો અર્થ એ છે કે પરમાત્માના સામર્થ્યનો સ્પર્શ કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રન્થો

### संस्कृत ग्रंथो

| | रु. न. पै. |
|---|---|
| १ वसुदेव हिण्डी–द्वितीय अंश | १०–०० |
| २ बृहत्कल्पसूत्र भा. ६ ठ्ठो | २०–०० |
| ३ त्रिषष्टिशलाकापुरुषचरित–महाकाव्यम् भा. २, पर्व २, ३, ४ (मूळ संस्कृत) पुस्तकाकारे | १५–०० |
| ४. " " प्रताकारे | १५–०० |
| ५ द्वादशारं नयचक्रम् | ४०–०० |
| ६ सम्मतितर्कमहार्णवावतारिका | १५–०० |
| ७ तत्त्वार्थाधिगमसूत्रम् | १५–०० |
| ८ प्रबंधपंचशती | १५–०० |
| ९ स्त्रीनिर्वाणकेवलिभुक्तिप्रकरणे | ६–०० |
| १० श्री शान्तिनाथ महाकाव्यम् आ. श्री भद्रसूरीविरचितम्. | १०–०० |

•

### અંગ્રેજી ગ્રંથો

| | R. N.p. |
|---|---|
| 1 Anekantvada by H. Bhattacharya | 3–00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35–00 |

*

### ગુજરાતી ગ્રંથો

| | રૂ. ન. પૈ. |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૨૨–૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૨–૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૫–૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨–૫૦ |
| ૫ આદર્શ જૈન સ્રીરત્નો ભા. ૨ | ૩–૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૪–૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૨–૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૫–૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧–૫૦ |
| ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | ૧૨–૦૦ |
| ૧૧ ધર્મ કૌશલ્ય | ૩ ૦૦ |
| ૧૨ અનેકાન્તવાદ | ૩–૦૦ |
| ૧૩ નમસ્કાર મહામંત્ર | ૩–૦૦ |
| ૧૪ ચાર સાધન | ૩–૦૦ |
| ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૩–૦૦ |
| ૧૬ જાણ્યું અને જોયું | ૩–૦૦ |
| ૧૭ સ્યાદ્વાદમંજરી | ૧૭–૦૦ |
| ૧૮ ભ. મહાવીર યુગનાં ઉપાસિકાઓ | ૩–૦૦ |
| ૧૯ પૂજ્ય આગમપ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક પાકું બાઈન્ડીંગ | ૬–૨૫ |
| કાચું બાઈન્ડીંગ | ૫–૨૫ |

નોંધ : સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ અલગ આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

## શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર

તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ આનંદ પ્રિન્ટીંગ પ્રેસ. ભાવનગર.

For Private And Personal Use Only